RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 253* Date: 10.07.2022 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# શ્રીલંકામાં સરકાર વિરુદ્ધ હોબાળો

## લોકોએ રાષ્ટ્રપતિના નિવાસ સ્થાને ચોતરફી ઘેરાવ કરતા રાષ્ટ્રપતિ રાજપક્ષે ઘર છોડીને ભાગ્યા

કોલંબો,તા.૯

શ્રીલંકામાં સરકાર વિરુદ્ધ ભારે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ગુસ્સે ભરાયેલા લોકોએ રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષેના નિવાસસ્થાનને ચારેતરફથી ઘેરાવ કર્યો છે.

જે બાદ તેમને પોતાનું ઘર છોડીને ભાગવું પડ્યું હતું. આ અગાઉ પણ સમાચાર આવ્યા હતા કે, શ્રીલંકમાં ટોપના વકીલો, માનવાધિકાર ગ્રુપ અને રાજકીય પાર્ટીઓના સતત પ્રેશર બાદ પોલીસે શનિવારે સરકાર વિરોધી પ્રદર્શનો પહેલા કર્ફ્યૂ હટાવી દીધો હતો. આ કર્ફ્યૂ સરકાર વિરોધી પ્રદર્શનોને રોકવા માટે કોલંબો સહિત દેશના પશ્ચિમી પ્રાંતમાં સાત ડિવિજનમાં લગાવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર પશ્ચિમી પ્રાંતમાં સાત પોલીસ ડિવિજનમાં કર્ફ્યૂ લગાવ્યો હતો, જેમાં નેગોંબો, કેલાનિયા, નુગેગોડા, માઉંટ લાવિનિયા, ઉત્તરી કોલંબો, દક્ષિણ કોલંબો અને કોલંબો સેન્ટ્રલનો સમાવેશ થાય છે. આ કર્ફ્યૂ શુક્રવાર રાતના નવ વાગ્યાથી આગામી સૂચના સુધી અમલમાં રહેશે. આઈજીપી સીડી વિક્રમરત્ને એ શુક્રવારે ઘોષણા કરી હતી કે, જે વિસ્તારમાં પોલીસ કર્ફ્યૂ લાગૂ કર્યો છે ત્યાં રહેનારા લોકોએ પોતાના ઘરોમાં જ રહેવું જોઈએ અને કર્ફ્યૂનું ઉલ્લંઘન કરનારા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

શ્રીલંકાના બાર એસોસિએશને પોલીસ કર્ફ્યુનો



વિરોધ કરતા તેને ગેરકાયદેસર અને મૌલિક અધિકારોનું હનન ગણાવ્યું હતું. બાર એસોસિએશને એક નિવેદનમાં કહ્યું છે કે, આ પ્રકારનો કર્ફ્યૂ સ્પષ્ટ રીતે ગેરકાયદે છે અને અમારા દેશના લોકોના મૌલિક અધિકારોનું ઉલ્લંઘન છે. જે પોતાના મૂળ અધિકારોની રક્ષા કરવામાં રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે અને તેમની સરકારની નિષ્ફળતાનો વિરોધ કરી રહ્યા છે. શ્રીલંકામાં માનવાધિકાર આયોગે પોલીસ કર્ફ્યૂને માનવિધાકારનું ઘોર ઉલ્લંઘન ગણાવ્યું છે

આંદોલનકારીઓએ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેના સત્તાવાર નિવાસસ્થાન પર કબજો કર્યો હતો. આંદોલનકારીઓનો ઉદ્દેશ્ય રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેને સત્તા છોડવા દબાણ કરવાનો હતો.રક્ષા સૂત્રો તરફથી રાષ્ટ્રપતિ રાજપક્ષેના ભાગવાનો દાવો કર્યો છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ સતત પોતાના પદ પર રહેવા માટે જીદ પર અડેલા હતા. તેમણે સ્પષ્ટ રુપથી કહ્યું હતું કે તે કોઈપણ સ્થિતિમાં રાષ્ટ્રપતિનું પદ છોડશે નહીં. જોકે પ્રદર્શનકારીઓનો ગુસ્સો જોતા તે પોતાનું ઘર છોડીને ભાગી ગયા છે. આ પહેલા ૧૧ મે ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી મહિંદા રાજપક્ષેનો આખો પરિવાર ભાગી ગયો હતો. ઉગ્ર ભીડે રાજપક્ષેના સરકારી આવાસને ઘેરી લીધું હતું. પ્રદર્શનકારીઓએ રાજપક્ષેના સત્તાવાર નિવાસસ્થાને ઘણી તોડફોડ કરી હતી.

ગાલેમાં ચાલી રહેલી ઓસ્ટ્રેલિયા-શ્રીલંકા મેચના સ્ટેડિયમની બહાર પ્રદર્શનકારીઓનું એક જૂથ પહોંચી ગયું છે. વિરોધીઓમાં લંકાના પૂર્વ ક્રિકેટર સનથ જયસૂર્યા પણ જોડાયા હતા. તે જ સમયે, રાજધાની કોલંબોમાં આંદોલન ઉગ્ર બન્યું છે. પોલીસ સાથેની અથડામણમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. વડાપ્રધાન વિક્રમસિંઘે બગડતી પરિસ્થિતિને લઈને ઈમરજન્સી બેઠક બોલાવી છે.

શ્રીલંકામાં, સામાન્ય લોકોનું દરરોજ પોલીસ, સેના અને એરફોર્સ સાથે ઘર્ષણ થાય છે. કારણ કે તેઓ અહીં પેટ્રોલ પંપ પર નજર રાખી રહ્યા છે. સમાજમાં બળવાખોરી અણધારી રીતે વધી છે, જે રમખાણોના રૂપમાં બહાર આવે છે. શાળાઓ, કોલેજો, હોસ્પિટલો બંધ છે. તેથી, યુવાનો તેમના પરિવારને ઘરે લાચાર બનીને સંઘર્ષ કરતા જોવા માટે મજબૂર છે.

રાસાયણિક ખાતર પર પ્રતિબંધના કારણે દેશમાં ખાદ્યપદાર્થોની કટોકટી સર્જાઈ છે. ગેસની અછતને કારણે લોકો ઘરોમાં સ્ટવ સળગાવી રહ્યા છે. શ્રીલંકાના મધ્યમ-વર્ગના પરિવારોએ પણ તેમના ખાદ્યપદાર્થોનો વપરાશ ઘટાડ્યો છે, કારણ કે તેઓ આવી મોંઘી ખાદ્ય ચીજવસ્તુઓ લેવાનું ટાળે છે. ફુગાવો જે મે મહિનામાં ૩૯.૧% હતો તે જૂનમાં વધીને ૫૪.૬% થયો છે. જો આપણે એકલા ખાદ્ય મોંઘવારી પર નજર કરીએ તો તે મે મહિનામાં ૫૭.૪% થી વધીને જૂનમાં ૮૦.૧% થઈ ગઈ છે.

લોકોને રોજિંદા વસ્તુઓ પણ મળી શકતી નથી અથવા તે અનેક ગણી મોંઘી થઈ રહી છે. વિદેશી હૂંડિયામણનો ભંડાર લગભગ ખતમ થઈ ગયો છે, જેના કારણે તેઓ જરૂરી વસ્તુઓની પણ આયાત કરી શકતા નથી.

સૌથી મોટું બળતણનો અભાવ છે. પેટ્રોલ અને ડીઝલ પર અનેક કિલોમીટર લાંબી લાઈનો છે. વિરોધ પ્રદર્શન પણ થાય છે.રિપોર્ટ પ્રમાણે ગાલે ક્રિકેટ સ્ટેડિયમમાં પણ હંગામો થયો છે. જ્યાં ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચે મેચ ચાલી રહી છે.શ્રીલંકા છેલ્લા ઘણા સમયથી આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ચીજવસ્તુઓના ભાવ આસમાને આંબી રહ્યા છે.

## શિંજોની હત્યાને સેનામાં બહાલી માટે લાવવામાં આવેલ અગ્નિવીરથી જોડવાનો પ્રયાસ



નવીદિલ્હી,તા.૯

જાપાનના પૂર્વ વડાપ્રધાન શિંજો આબેની હત્યાથી ભારત સહિત દુનિયાભરમાં શોકની લહેર છે કોઈને વિશ્વાસ થઈ રહ્યો નથી કે જાપાન જેવા વિકસિત દેશમાં જ્યાં ગન કલ્ચરનું કોઈ ચલન નથી ત્યાં એક સિરફિરો જાહેરમાં પૂર્વ વડાપ્રધાનની છાતીમાં ગોળી મારી દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દુનિયાના તમામ નેતાઓએ આ હત્યાને દુખદ અને પીડાદાયક બતાવી છે. પરંતુ શિંજો આબેની આ દુખદ હત્યા પર ભારતમાં અલગ રીતની રાજનીતિ શરૂ થઈ ગઈ છે.

ભારતમાં આ હત્યાને સેનામાં બહાલી માટે લાવવામાં આવેલ યોજના અગ્નિવીરથી જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.સમાજવાદી પાર્ટીના એક નેતાએ આ ઘટનાને અગ્નિવીર યોજનાથી જોડતા કહ્યું કે આ હત્યા માટે જવાબદાર પેંશન ન મેળવનાર સેનાનો એક વ્યક્તિ છે.જયારે કોંગ્રેસના પણ એક રાષ્ટ્રીય નેતાએ કહ્યું કે શિંજો આબેને ગોળી મારનાર વ્યક્તિ યામાગામી જાપાનની જેએમએસડીએફ એટલે કે પેંશન વિનાનીની સેનામાં કામ કરી ચુકયો છે.આ પ્રતિક્રિયાઓ પર જો કે ભાજપે સખ્ત વાંધો ઉઠાવ્યો છે.

એ યાદ રહે કે જાપાનના પૂર્વ વડાપ્રધાન શિંજો આબેની જાપાનના નારા શહેરમાં ત્યારે હત્યા કરી દેવામાં આવી જયારે તેઓ એક ચોક પર ભાષણ આપી રહ્યાં હતાં ત્યારે હત્યારાએ તેમના ઉપર ગોળીબાર કર્યો હતો શિંજોને તાકિદે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં પરંતુ ડોકટરો તેમને બચાવી શકયા ન હતાં. સુત્રોના જણાવ્યા અનુસાર આબેને ગોળી મારનાર વ્યક્તિની ઉમર ૪૧ વર્ષની છે અને તેનું નામ તેત્સુયુ યામાગામી છે.તે જાપાન મેરિટાઈમ સેલ્ફ ડિફેંસક ફોર્સનો પૂર્વ સભ્ય છે.આ ફોર્સનું કામ જાપાનના દરિયાઈ કિનારાની સુરક્ષા કરવાનું છે.

## સીબીઆઇએ ૪૦ કરોડના પેઈન્ટિંગ્સ અને મૂર્તિઓ જપ્ત કરી, ૩૪ હજાર કરોડ રૂપિયાના બેંક કૌભાંડનો મામલો

### એક આરોપીનું કનેક્શન છોટા શકીલના લોકો સાથે પણ

નવીદિલ્હી,તા.૮

સીબીઆઇ (સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન)એ આજે ૩૪ હજાર કરોડ રૂપિયાના બેંક કૌભાંડ કેસમાં દરોડા દરમિયાન ૪૦ કરોડ રૂપિયાના ચિત્રો અને શિલ્પો જપ્ત કર્યા છે. આરોપ છે કે આ પેઈન્ટિંગ શિલ્પો માત્ર બેંક કૌભાંડના પૈસાથી ખરીદવામાં આવ્યા હતા. સીબીઆઈએ જૂન ૨૦૨૨માં કેસ નોંધ્યા બાદ દરોડા પાડ્યા હતા. આ કેસમાં સામેલ એક આરોપીનું કનેકશન અંડરવર્લ્ડ ડોન છોટા શકીલના લોકો સાથે પણ જોડાયેલુ હોવાની શક્યતા છે.

સીબીઆઈના એક અધિકારીએ જણાવ્યું કે રેબિકા દીવાન અને અજય રમેશ નાવંદરના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. સીબીઆઈને માહિતી મળી હતી કે બેંક કૌભાંડના પૈસા આરોપીઓએ અન્ય લોકોને પણ આપ્યા છે જેથી તેઓ પૈસા અહીં-ત્યાં મોકલી શકે. તપાસના આ પ્રકરણમાં બંનેના નામ સામે આવ્યા હતા.

જેમાં રેબિકા આ કેસના મુખ્ય આરોપી કપિલ વાધવનની ખાસ વ્યક્તિ હોવાનું કહેવાય છે. માહિતીના આધારે સીબીઆઈએ આજે મહાબળેશ્વર અને મુંબઈમાં તેમના સ્થાનો પર દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન અનેક અમૂલ્ય ચિત્રો અને શિલ્પો મળી આવ્યા હતા. આ સિવાય અનેક ગુનાહિત દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ મળી આવ્યા હતા.

સીબીઆઈના એક અધિકારીએ કહ્યું કે આ પેઈન્ટિંગ્સમાં એક પેઈન્ટરનું પેઈન્ટિંગ છે, જે ખૂબ જ મોંઘુ કહેવાય છે.

પ્રાથમિક અંદાજ મુજબ, આ એક પેઈન્ટિંગની કિંમત ૨૫ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે.

સીબીઆઈને પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, આજે દરોડા પાડવામાં આવેલા બે લોકોને કૌભાંડના પૈસા આરોપીઓએ મોકલ્યા હતા. ચિત્રો અને શિલ્પોની વાસ્તવિક કિંમત ટૂંક સમયમાં આંકવામાં આવશે.

સીબીઆઈના સૂત્રોના જણાવ્યા અનુસાર આ કેસમાં અત્યાર સુધી જે લોકો પર દરોડા પાડવામાં આવ્યા છે તેમાંથી એકનું અંડરવર્લ્ડ કનેક્શન હોવાનું પણ કહેવાય છે. સૂત્રોનું કહેવું છે કે આ કેસમાં અત્યાર સુધીમાં લગભગ દોઢ ડઝન સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે અને સીબીઆઈને પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે તેમાંથી એક કુખ્યાત અંડરવર્લ્ડ ડોન છોટા શકીલ સાથે પણ સંબંધિત છે.

નોંધનીય છે કે અત્યાર સુધી આ કેસનું સીધુ કનેક્શન અંડરવર્લ્ડ સાથે જોડાયેલુ નથી, પરંતુ આ કેસમાં સામેલ કથિત આરોપીઓ અંડરવર્લ્ડ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે, જેની તપાસ ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે સીબીઆઈએ ૨૨ જૂન ૨૦૨૨ ના રોજ ૧૭ બેંકોના જૂથને ૩૪,૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ હૈંઈ નોંધી હતી અને તે જ દિવસે ૧૨ સ્થળોએ દરોડા પાડ્યા હતા.

આ કેસમાં આરોપ છે કે આરોપીઓએ બેંકમાંથી લીધેલા પૈસાનો ઉપયોગ પોતાના અંગત કામોમાં કર્યો, જેના કારણે બેંકોને નુકસાન થયું.

## તમિલનાડુમાં ત્રણ કિશોરોએ મળીને ૧૫ વર્ષની માસૂમને પીંખી નાખી

ચેન્નાઇ,તા.૯

તમિલનાડુના કુડ્ડાલોરમાં ત્રણ કિશોરીઓ દ્વારા એક કિશોરી પર ગેંગ રેપનો મામલો સામે આવ્યો છે. યુવતી ધોરણ ૧૦ની વિદ્યાર્થીની છે. ત્યાં જ પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જયારે છોકરીએ સ્કૂલ જવાની ના પાડી અને ડિપ્રેશનમાં આવી ગઈ. જ્યારે તેને આ બાબતે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે મે મહિનામાં તે તેના માતા-પિતાની જાણ વગર મિત્રની બર્થડે પાર્ટીમાં ગઈ હતી. સ્કૂલ કેમ્પસની અંદર બર્થડે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ દરમિયાન કેટલાક છોકરાઓએ છોકરીનો વીડિયો શૂટ કર્યો હતો. પછી તેઓએ તેને કહ્યું કે તેઓ આ વીડિયો તેના માતા-પિતાને બતાવશે. સગીરાએ તેને વારંવાર વીડિયો ડિલિટ કરવાની વિનંતી કરી પરંતુ તે માનતો ન હતો. છોકરાઓએ પછી તેણીને તેના ઘરે આવવા કહ્યું.

કિશોરોએ કિશોરીને એમ કહીને પોતાના ઘરે બોલાવી કે બર્થ ડે પાર્ટીનો જે વીડિયો છે તે તેના ઘરની અંદર છે. જયારે તે ઘરની અંદર આવી ત્યારે તેઓએ તેની સાથે ગેંગરેપ કર્યો હતો. આ દરમિયાન ત્રણેય આરોપીઓએ ગેંગરેપનો વીડિયો પણ બનાવ્યો હતો અને તેને ધમકી આપી હતી કે જો તે કોઈને આ વાત કહેવાની હિંમત કરશે તો આ વીડિયો આખી સ્કૂલમાં સર્ક્યુલેટ કરી દેશે.આ ઘટના બાદ યુવતી ડિપ્રેશનમાં આવી ગઈ અને તેણે સ્કૂલે જવાની ના પાડી. જયારે તેના માતા-પિતાને સત્યની જાણ થઈ તો તેઓએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. આ પછી પોસ્કો એક્ટ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

## હર્ષદ મહેતાની પત્નીએ સ્વર્ગસ્થ બિગ બુલના બચાવ માટે વેબસાઈટ શરૂ કરી

મુંબઈ,તા.૯

ભારતીય શેરબજારના સૌથી નામચીન કૌભાંડના આરોપી સ્ટોક બ્રોકર હર્ષદ મહેતાનું ૩૦ ડિસેમ્બર ૨૦૦૧ની રાત્રે જેલમાં અવસાન થયું હતું. હવે આ ઘટનાના ૨૦ વર્ષથી વધુ સમય બાદ તેમની પત્ની જ્યોતિ મહેતાએ મોટી જાહેરાત કરી છે. તેમણે થાણે જેલના (જ્યાં હર્ષદ મહેતા મૃત્યુ પામ્યા હતા) સત્તાવાળાઓ પર તેના પતિ હર્ષદ મહેતાને સમયસર યોગ્ય તબીબી સારવાર આપવામાં બેદરકારીનો આરોપ મૂક્યો છે.

આ સાથે હર્ષદ મહેતાના પરિવારે લોકોને તેમના વિશેની તથ્યપૂર્ણ માહિતી આપવા માટે નામની વેબસાઈટ પણ શરૂ કરી છે. તેમની પત્નીએ વેબસાઈટ પર લખ્યું છે કે તેમના ઘા હજુ પણ તાજા છે અને ૨૦ વર્ષ પછી પણ તેમનો પરિવાર આ આઘાતમાંથી બહાર આવ્યો નથી. પરિવારનું કહેવું છે કે હર્ષદ મહેતા અને તેની વાત આજે પણ લોકોમાં મીડિયા અને ફિલ્મોના કારણે જીવંત છે. આ સ્થિતિમાં લોકોને તેમની વાતનું સત્ય કહેવા માટે આ વેબસાઈટ શરૂ કરવામાં આવી છે.

એક સમયે શેરબજારના બિગ બુલ તરીકે જાણીતા હર્ષદ મહેતાના પત્ની જ્યોતિ મહેતાએ જણાવ્યું હતું કે ૩૦ ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ રાત્રે લગભગ ૧૧ વાગે અમને હર્ષદના મૃત્યુના સમાચાર મળ્યા. થાણે જેલમાં ૫૪ દિવસની કસ્ટડી પછી મારા પતિનું અચાનક દુઃખદ અવસાન થયું. તે ૪૭ વર્ષનો હતો અને સંપૂર્ણ સ્વસ્થ હતો.

## હિન્દુ દેવી દેવતાઓનું અપમાન કરનાર ફિલ્મ નિર્માતાઓનું માથુ કાપનારાને ૨૦ લાખ આપીશ : મિર્ચી બાબા

ગ્રેટર નોઈડા,તા.૯

હરિદ્વારના શ્રી પંચાયતી નિરંજની અખાડાના મહામંડલેશ્વર સ્વામી વૈરાજ્ઞાનદ ગિરી મહારાજ(ધર્મગુરૂ મિર્ચી બાબા)એ ગ્રેટર નોઈડામાં વિવાદિત નિવેદન આપ્યું છે.

તેમણે હિન્દુ દેવી દેવતાઓનું અપમાન કરનાર ફિલ્મ નિર્માતાઓનું માથુ કાપનારાઓને ૨૦ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.એ યાદ રહે કે ધર્મગુરૂ મિર્ચી બાબા નોઈડા પ્રવાસ પર આવ્યા છે.

મહામંડલેશ્વરની એક વીડિયો પણ સામે આવી છે જેમાં તેઓ કહી રહ્યાં છે કે આ એક કાવતરા હેઠળ થઈ રહ્યું છે તેમનું માથા કાપ્યા વિના માનીશું નહી કાલી મા ફિલ્મના વિવાદિત પોસ્ટર પર મિર્ચી બાબાએ કહ્યું કે આવા કામોથી હિન્દુ ધર્મને બદનામ કરવાનું આંતરરાષ્ટ્રીય કાવતરૂ છું મા કાલીને અપમાનિત કરવામાં આવી રહી છે નિરંજની અખાડાના સંત હોવાને નાતે હું જાહેરાત કરૂ છું કે આવી ફિલ્મ બનાવનારાઓનું માથુ કાપનારને હું ૨૦ લાખ રૂપિયા આપીશ

તેમનું કહેવુ છે કે વેબ સીરીજ આશ્રમ અને આવી ફિલ્મ બનાવનારા હિન્દુ ધર્મ પર કુઠારાધાત કરી રહ્યાં છે આવી ફિલ્મ બનાવનારાઓનું કોઈ માથા કાપીને લાવશે તો હું મારા આશ્રમ તરફથી ૨૦ લાખ રૂપિયાનું ઈનામ આપીશ તેમણે કહ્યું કે દરેક જગ્યાએ કાનુની કાર્યવાહી કરવામાં આવી રહી છે દરેક જગ્યાએ આવેદન પત્ર આપવામાં આવી રહ્યાં છે પરંતુ કાનુન પુરી રીતે કામ કરી રહ્યું નથી કાનુને આવા લોકોને પકડી કડકમાં કડક સજા આપવી જોઈએ

એ યાદ રહે કે તાજેતરમાં આવેલ ડોકયુમેંટ્રી ફિલ્મ કાલીના પોસ્ટરને લઈ વિવાદ જારી છે તેમાં મા કાલીને સિગારેટ પીતી બતાવવામાં આવી હતી આ સાથેં જ તેમના એક હાથમાં એલજીબીટી સમુદાયનો સંતરંગી ઝંડો પણ નજરે પડી રહ્યો છે આ ડોકયુમેંટ્રી ફિલ્મ ફિલ્મેકર લીના મણિમેકલઈની છે.

## તંત્રી સ્થાનેથી...

# ચીનથી ચેતવા જેવું

દુનિયાના કારોબાર જગતમાં જે હેસિયત ઊભી કરી છે, તે આશ્ચર્યજનક છે. તેનો એકાએક થયેલો આર્થિક વિકાસ કેટલાક લોકોને મોંમાં આંગળાં નાખવા મજબૂર કરે છે, તો કેટલાકને લાગે છે કે આ રસ્તો અનુકરણ કરવા લાયક છે. પરંતુ ચીનના આ વિકાસની કહાની એટલી સીધીસાદી નથી, તેમાં કેટલીય ગરબડો છે, જે ઉપલબ્ધિઓની ચમક પાછળ દબાવી દેવામાં આવે છે. તાજેતરમાં લંડનમાં જ્યારે અમેરિકી ગુપ્તચર એજન્સી એફબીઆઈના પ્રમુખ ક્રિસ્ટોફર વારી અને બ્રિટિશ ગુપ્તચર એજન્સી એમઆઈ-પના પ્રમુખ કેન મેકલમે વ્યાપારી સમૂહોના આગેવાન લોકોને સંબોધિત કર્યા, તો તેમના નિશાના પર ચીનની આ પ્રકારની જ હરકતો હતી. તેમણે કહ્યું કે ચીન કઈ રીતે દુનિયાના દેશો, તેમની કંપનીઓનો ડેટા ચોરે છે, તેની ટેકનિક તફડાવે છે અને એનો જ ઉપયોગ કરીને વિશ્વબજારમાં તેમને પરાસ્ત કરે છે. તેમણે એમ પણ કહ્યું કે ચીન અને તેની કંપનીઓ બજાર પર કબ્જો જમાવવા માટે તમામ પ્રકારના હથકંડા અપનાવે છે અને ચીનનું હેકિંગ નેટવર્ક સૌથી મોટું છે. બંનેએ તેનાં કેટલાંય ઉદાહરણો પણ આપ્યાં. અમેરિકા અને બ્રિટનની ગુપ્તચર એજન્સીઓના પ્રમુખોનું આ સંબોધન એવા સમયે આવ્યું છે, જ્યારે ભારતમાં સ્માર્ટફોન બનાવનારી ચીની કંપની વિવાદોમાં ફસાઈ છે. ઈડીને તેના મજબૂત પુરાવા મળ્યા છે કે આ કંપની કાળા નાણાં મામલે સંડોવાયેલી છે. તેને લઈને ઈડીએ કંપનીનાં ૪૦થી વધુ ઠેકાણાં પર છાપા માર્યા છે. આ દરમ્યાન આ કંપનીના બે નિર્દેશક જે રીતે ભારત છોડીને ભાગી ગયા, તેનાથી પણ આ આરોપોને બળ મળ્યું છે. આ દરોડા પર ચીની સરકારે આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી છે અને કહ્યું કે આવી કાર્યવાહીઓથી ભારતમાં રોકાણ અને કારોબારનો માહોલ ખરાબ થશે.

વીવો મામલે હજુ તપાસ ચાલી રહી છે અને જ્યાં સુધી જાણકારી સામે ન આવે, તેને કોઈ મોટા સંદર્ભ સાથે જોડીને ન જોઈ શકાય. પરંતુ એટલાથી જ ચીન કોઈપણ આરોપમાંથી છૂટી નથી જતું. ચીનની સૌથી મોટી મુશ્કેલી એ છે કે તે તમામ પ્રગતિ બાદ પણ એક બંધ સમાજ છે. ભલે પર્યટન અને વેપાર માટે તેણે પોતાના દરવાજા ખોલી દીધા હોય પરંતુ ત્યાં શું, ક્યાં અને કેવી રીતે થઈ રહ્યું છે તેની દુનિયાને ગંધ નથી આવતી. વિદેશી પત્રકારોને ત્યાં દરેક જગ્યાએ જવાની છૂટ નથી. ખુદ ચીનનું મીડિયા પણ એટલું સ્વતંત્ર નથી રહ્યું કે તેના ભરોસે કંઈક કહી શકાય. ત્યાં જે સરકાર છે, તે સત્તાધારી કમ્યુનિસ્ટ પાર્ટી છે અને તેની ફોજ પણ છે. દુનિયાના લોકો આજે પણ તેમાં ગુંચવાયેલા રહે છે કે ફલાણી ચીની કંપની સરકારી છે કે ખાનગી. ચીને બેશક બહુ પ્રગતિ કરી છે, પરંતુ તેની પાછળ કોઈ પારદર્શિતા નથી. બંધ દરવાજાવાળા લોકોની દાનત પર શંકા નહિ કરવાનું પણ કોઈ કારણ નથી હોતું.

## એલોન મસ્કની ટ્વિટર ડીલ રદ કરવાની જાહેરાત : કંપની મસ્ક પર દાવો કરશે કે એલોન પલટશે બાજી

મુંબઈ,તા.૯

એલોન મસ્ક એ તેમના તરફથી ટ્વિટર ડીલ કેન્સલ કરી છે. વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ એલોન મસ્કે ૨૫ એપ્રિલના રોજ ટ્વિટરને $૫૪.૨૦ બિલિયનમાં ખરીદવાની ઓફર કરી હતી, જોકે તે પછીથી ઈ૪૪ બિલિયનમાં સેટલ થઈ ગયું હતું. આ ડીલમાંથી ખસી ગયા બાદ ટ્વિટર હવે એલોન મસ્ક પર કેસ કરવાની તૈયારી કરી રહ્યું છે. ડીજીટલ દુનિયાના આ હાઈ વોલ્ટેજ ડ્રામામાં એક નવો વળાંક આવ્યો છે. જે ઘણા અઠવાડિયા સુધી ચાલે છે. એલોન મસ્કે કહ્યું છે કે ટ્વિટરે કરારની ઘણી જોગવાઈઓ તોડી છે, તેથી તે આ ડીલમાંથી ખસી રહ્યો છે.

એલોન મસ્કનાં વકીલે ટ્વિટર પર લખ્યું, 'મિ. મસ્ક આ ડીલને રદ કરી રહી છે. તેઓ આવું એટલા માટે કરી રહ્યા છે કારણ કે ટ્વિટરે તેમની સાથે કરેલા કરારોનો ભંગ કર્યો છે. ટ્વિટરે એલોન મસ્કને ખોટી અને ભ્રામક રજૂઆત કરી અને મર્જર દરમિયાન એલોન મસ્ક તેના પર આધાર રાખ્યો' જ્યારે ટ્વિટરે કહ્યું કે, ડીલ થઈ જશે અને કાયદેસરની કાર્યવાહી પણ કરશે. આ પછી, હવે ટ્વિટર તરફથી કહેવામાં આવ્યું છે કે કંપની આ મર્જરને પૂર્ણ કરવા માંગે છે અને તેને કરાવવા માટે કોર્ટમાં જવાની તૈયારી કરી રહી છે. ટ્વિટરના ચેરમેન બ્રેટ ટેલરે પણ એક ટ્વિટ કર્યું છે. તેણે કહ્યું છે કે, 'ટ્વિટરનું બોર્ડ એલોન મસ્ક સાથે કરવામાં આવેલી શરતો અને કિંમત પર આ ટ્રાન્ઝેક્શન બંધ કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે આ વિલીનીકરણ કરારને પૂર્ણ કરવા માટે કાનૂની કાર્યવાહી પણ કરીશું.

નોંધનીય છે કે એલોન મસ્કે છેલ્લા કેટલાક અઠવાડિયાથી ટ્વિટર ડીલ પર રોક લગાવી દીધી હતી. મસ્કે કહ્યું કે ટ્વિટરે પહેલા સાબિત કરવું જોઈએ કે પ્લેટફોર્મ પરના બોટ્સ એકાઉન્ટ ૫% કરતા ઓછા છે. શું જો એલોન મસ્ક અને ટ્વિટરની ડીલ એક પક્ષ દ્વારા રદ કરવામાં આવે તો ૧ અબજનો દંડ ભરવો પડશે. એટલે કે, જો એલોન મસ્ક આ ડીલ કેન્સલ કરે છે, તો તેણે ટ્વિટરને દંડ તરીકે ૧ બિલિયન ડોલર ચૂકવવા પડશે.

## ગુરૂ વચનામૃત...

### આચરણમાં લાવ્યા વિનાના કોરા જ્ઞાનથી કોઇ ફાયદો થતો નથી.




જેમ પરેજી પાડ્યા વિના દવાનો પુરો પ્રભાવ પડતો નથી,તેવી જ રીતે જ્ઞાનને જ્યાં સુધી આચરણમાં લાવવામાં ના આવે ત્યાં સુધી જીવનમાં કોઈ લાભ થતો નથી.સદગુરૂના આદેશ-ઉપદેશને માનનાર,તેમના આદેશ મુજબ આચરણ કરનાર ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને તેમાં લીન થઈ જાય છે.ગુરૂ વચનોની સહાયતાથી તેને કાળનો ભય રહેતો નથી.જ્યાંસુધી સદગુરૂની શરણાગતિ લેવામાં આવતી નથી ત્યાંસુધી પ્રભુ મિલનની વાતો ફક્ત કોરી કલ્પના જ છે.

ક્યા કારણોસર મનુષ્ય ન ઈચ્છતો હોવા છતાં પણ પાપનું આચરણ કરે છે? તેનો જવાબ આપતાં ભગવાન ગીતામાં કહે છે કેઃરજોગુણથી ઉત્પન્ન આ કામ એટલે કે કામના જ તમામ પાપનું કારણ છે, આ કામ જ ક્રોધમાં રૂપાંતર થાય છે, આ ઘણું ખાનારો અને મહા પાપી છે, આ બાબતમાં તું આને વૈરી જાણ.(ગીતાઃ૩/૩૭)

ક્યા કર્મના આચરણથી સર્વોત્તમ ગતિ પ્રાપ્ત થાય છે? સત્પાત્રને દાન આપવાથી,સત્ય અને પ્રિય વચન બોલવાથી તથા અહિંસા ધર્મમાં તત્પર રહેવાથી મનુષ્યને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે.

આચરણમાં લાવ્યા વિનાના કોરા જ્ઞાનથી કોઈ ફાયદો થતો નથી.જેનાથી જીવનનો ભૌતિક..નૈતિક અને આધ્યાત્મિક વિકાસ થાય તે જ ધર્મ કહેવાય છે.ધર્મ ચર્ચાનો નહી પરંતુ આચરણનો વિષય છે.જે માનવ ધર્મને ધારણ કરે છે તે મૃત્યુ જેવા ભયથી મુક્ત થઈ જાય છે.જે માનવ પ્રતિક્ષણ ધર્મની અનુભૂતિ કરે છે તેમના મનમાં પ્રભુ પરમાત્માનો નિવાસ થઈ જાય છે તે હંમેશાં આનંદ અને શાંતિનો અનુભવ કરે છે.સંતો મહાપુરૂષોનો અથાક પ્રયાસ રહ્યો છે કેઃઆ પ્રભુ પરમાત્મા માનવના મન મસ્તિકમાં બેસી જાય અને તેના પર વ્યવહારીક આચરણ થઈ જાય..આ મન પ્રભુનું દાસ બની જાય.માનવ પોતાની હસ્તી મિટાવી અને આ પ્રભુ પરમાત્માની સાથે જોડાઈ જાય તો માનવ જીવનમાં શાંતિ આવી જાય છે.

ભ્રમોથી બચવા માટે બ્રહ્મનું જ્ઞાન જરૂરી છે,તેના માટે ફક્ત ધર્મગ્રંથોનું પઠન-પાઠન સમાધાન નથી.ધર્મગ્રંથોમાં જે કંઈ લખ્યું છે તેના અનુરૂપ આચરણ કરવું પડશે જ..! સદગુરૂ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને પોતાનું આચરણ બ્રહ્મના અનુકૂળ થયા બાદ તે પોતે આ પરમતત્વમાં વિલિન થઈ જાય છે.

જે બધી ઈન્દ્રિયોને બળ પૂર્વક રોકીને મનથી ઈન્દ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે છે તે મૂઢ બુદ્ધિવાળો મનુષ્ય મિથ્યા આચરણ કરવાવાળો કહેવાય છે.(ગીતાઃ૩/૬) દરેક પ્રસંગોએ સત્ય બોલવું અને સત્યનું જ આચરણ કરવું.ઈન્દ્રિયોના દ્વારા જે પ્રભુ પરમાત્માની આજ્ઞાનુસાર પવિત્ર કર્મોનું નિષ્કામ ભાવથી આચરણ કરે છે તથા પ્રભુ પરમાત્માને અર્પણ કરેલ ભોગોનું રાગ-દ્રેષ રહિત બનીની નિષ્કામભાવથી શરીર નિર્વાહના માટે ઉપભોગ કરે છે તે પ્રભુ પરમાત્માના પરમધામને પ્રાપ્ત કરી લે છે,જ્યાં ગયા પછી પાછું સંસારમાં આવવું પડતું નથી.જેમ કરોડો યત્ન કરવા છતાં પણ ગુરૂ તથા વૈરાગ્ય વિના જ્ઞાન મળતું નથી, એ રીતે વેદ અને પુરાણ કહે છે કે પ્રભુની ભક્તિ વિના સુખ મળતું નથી,સ્વાભાવિક સંતોષ વિના શાંતિ મળતી નથી, સંતોષ વિના વાસના નષ્ટ થતી નથી અને જ્યાં સુધી વાસના હોય ત્યાં સુધી સ્વપ્રમાં પણ સુખ મળતું નથી. તત્વજ્ઞાન વિના સમભાવ આવતો નથી,શ્રધ્ધા વિના ધર્મનું આચરણ સંભવ નથી.પ્રભુની ભક્તિ વિના જન્મ-મૃત્યુનો ભય દૂર થતો નથી.વિશ્વાસ વિના ભક્તિ થઈ શકતી નથી, ભક્તિ વિના પ્રભુ કૃપા પામી શકાતી નથી અને પ્રભુ કૃપા વિના જીવ સ્વપ્રમાં પણ શાંતિ પામતો નથી. પુસ્તકો વાંચવાથી વિશેષ લાભ થતો નથી.આચરણ જ અસલ પુસ્તક છે.ફક્ત ડીગ્રીઓથી સબંધો સુધરતા નથી,તેનાથી સુખ શાંતિ આનંદ સંતોષ મળતો નથી.પુસ્તકોનું જ્ઞાન આચરણમાં લાવવાથી જ લાભ થાય છે.(નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઈ માછી નિરંકારી

૯૭૨૬૧૬૯૦૭૫(મો)

## આમદાની શિલિંગ ખર્ચા પાઉન્ડ ભૈયા , નતીજા ઠનઠન ગોપાલ!!

ઘણા લોકો યુનાઈટેડ કિંગડમ , ગ્રેટ બ્રિટન અને ઈંગ્લેન્ડની શબ્દોનો ઉપયોગ કરે છે, ત્યારે તેમની વચ્ચે તફાવત છે - એક દેશ છે, બીજો એક ટાપુ છે, અને ત્રીજા એ ટાપુનો ભાગ છે. યુનાઈટેડ કિંગડમ યુરોપના ઉત્તરપશ્ચિમ દરિયાકિનારે એક સ્વતંત્ર દેશ છે. તેમાં ગ્રેટ બ્રિટનનું આખા ટાપુ અને આયર્લૅન્ડના ટાપુનો ઉત્તરીય ભાગ છે. હકીકતમાં, દેશનું સત્તાવાર નામ 'યુનાઈટેડ કિંગડમ ઓફ ગ્રેટ બ્રિટન અને ઉત્તરીય આયર્લૅન્ડ' છે.

યુનાઈટેડ કિંગડમની રાજધાની લંડન છે અને રાજ્યના વડા હાલમાં રાણી એલિઝાબેથ" છે. યુનાઈટેડ કિંગડમ યુનાઈટેડ નેશન્સના સ્થાપક સભ્યોમાંનું એક છે અને યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સીલ પર બેસે છે.

યુનાઈટેડ કિંગડમની સ્થાપના ૧૮૦૧ માં થઈ હતી, જ્યારે ગ્રેટ બ્રિટન કિંગડમ અને આયર્લૅન્ડના કિંગડમ વચ્ચે એકીકરણ થયું હતું, યુનાઈટેડ કિંગડમ ઓફ ગ્રેટ બ્રિટન અને આયર્લૅન્ડ બનાવ્યું હતું. ૧૯૨૦ના દાયકામાં, દક્ષિણ આયર્લૅન્ડને આઝાદી મળી અને યુનાઈટેડ કિંગડમના આધુનિક દેશનું નામ ગ્રેટ બ્રિટન અને ઉત્તરી આયર્લૅન્ડનું યુનાઈટેડ કિંગડમ બન્યું. ગ્રેટ બ્રિટન ફ્રાન્સના ઉત્તરપશ્ચિમ ટાપુ અને આયર્લૅન્ડની પૂર્વનું નામ છે. મોટાભાગના યુનાઈટેડ કિંગડમમાં ગ્રેટ બ્રિટનનું ટાપુ છે. ગ્રેટ બ્રિટનના મોટા ટાપુ પર, ત્રણ અંશે સ્વાયત્ત પ્રદેશો છેઃ ઈંગ્લેન્ડ, વેલ્સ, અને સ્કોટલેન્ડ.

ગ્રેટ બ્રિટન પૃથ્વી પર નવમો સૌથી મોટો ટાપુ છે અને તેનો વિસ્તાર ૮૦,૮૨૩ ચોરસ માઈલ (૨૦૯,૩૩૧ ચોરસ કિલોમીટર) છે. ઈંગ્લેન્ડ ગ્રેટ બ્રિટન ટાપુના દક્ષિણપૂર્વીય ભાગમાં વસેલું છે, વેલ્સ દક્ષિણપશ્ચિમમાં છે, અને સ્કોટલેન્ડ ઉત્તરમાં છે

સ્કોટલેન્ડ અને વેલ્સ સ્વતંત્ર દેશ નથી પરંતુ આંતરિક શાસન સંબંધમાં યુનાઈટેડ કિંગડમથી કેટલીક સ્વાયત્તતા ધરાવે છે.

બ્રિટન વિશ્વની સૌથી જૂની લોકશાહી છે. યુનાઈટેડ કિંગડમ બંધારણીય શાસક અને એકરૂપ રાજ્ય છે જેમાં ચારદેશોનો સમાવેશ થાય છેઃ ઈંગ્લેડ, ઉત્તરીય આયર્લૅન્ડ, સ્કોટલેન્ડ વોલ્સ.ચ૧૮ તેની સંસદીય પદ્ધતિ દ્વારા તેની લંડનમાં આવેલી સરકારની બેઠક દ્વારા સંભાળ રાખવામાં આવે છે. લંડન એ રાજધાની જેમાં બેલફાસ્ટ, કાર્ડિફ્ફ અને એડિનબર્ગમાં રાષ્ટ્રીય વહીવટ સોંપવામાં આવ્યો છે. આ ત્રણેય અનુક્રમે ઉત્તરીય આયર્લૅન્ડ, વોલ્સ અને સ્કોટલેન્ડની રાજધાનીઓ છે. જર્સી અને ગ્યુર્નસીના ખાડી ટાપુ બેઈલીવિક અને ઈસ્લે ઓફ મેન ક્રાઉન ડેપેન્ડસી છે અને યુકેનો ભાગ નથી .

બ્રિટનમાં હાઉસ ઑફ લોર્ડ્સની ચૂંટણી થતી નથી, ૯૦ બેઠક વારસાગત છે. બ્રિટનની લોકશાહી ભારત જેટલી સુદૃઢ નથી. ખરા અર્થમાં કહીએ તો બ્રિટન સેમી ડેમોક્રસી છે. તેના માટે સાચો શબ્દ છે સંસદીય રાજાશાહી. મતલબ દેશનું સંચાલન ભલે સાંસદો દ્વારા ચૂંટવામાં આવેલી મંત્રી પરિષદ કરે, પણ ટોચનું પદ તો રાજવંશ પાસે જ રહે. ૧૯૫૨થી બ્રિટનના રાષ્ટ્રાધ્યક્ષ રાણી એલિઝાબેથ છે. યાને કે બ્રિટનની જનતા પૂરેપૂરી જનતા નથી. જનતા કમ પ્રજા છે. જનતા અને પ્રજા વચ્ચેનો ભેદ બહુ ઓછા સમજે છે. જનતા લોકતંત્રમાં હોય છે અને પ્રજા રાજાશાહીમાં. આ મુજબ લોકતંત્રનો પર્યાયવાચી જનતંત્ર થઈ શકે. પ્રજાતંત્ર ક્યારેય નહીં.બ્રિટનના રાજારાણી ભલે સર્વોચ્ચ સત્તાધીશ હોય, પણ તેઓ પોતાની મરજીથી ન વર્તી શકે. વળી, તેઓ સરકારની રોજિંદી કામગીરીમાં હસ્તક્ષેપ કે પદક્ષેપ ન કરી શકે. તેમના વતી સરકાર વડા પ્રધાન અને પ્રધાન મંડળ ચલાવે છે. બ્રિટનની સંસદમાં કાર્યવાહી શરૂ થતા પહેલા એક આસન પર રાજાના પ્રતીક રૂપે રાજદંડ પ્રતિષ્ઠાપિત કરવામાં આવે છે. જ્યાં સુધી રાજદંડ પોતાના સ્થાને શોભાયમાન હોય ત્યાં લગી જ સંસદ ચાલી શકે છે. તે પોતાના સ્થાને ન હોય તો બેઠક આગળ ધપી શકતી નથી. ઘણી વખત લાંબી બેઠકોથી કંટાળી જતા કેટલાક શરારતી સાંસદો રાજદંડને ક્યાંક છુપાવી દે છે અને પરિણામે સ્પીકરને સંસદીય કાર્યવાહી ઠપ કરવી પડે છે. ૧૭૦૭થી બ્રિટનમાં રાજા અને રાણીએ શાસન ચલાવવાનું છોડી દીધું છે.

બ્રિટન યુરોપનો એક માત્ર એવો દેશ છે જ્યાં લેખિત સંવિધાન નથી. એક એવો સુસંબદ્ધ દસ્તાવેજ નથી જેમાં બધું લખેલું મળે. ૧૨૧૫માં મેગ્ના કાર્ટા લખાયો. ૧૬૨૮માં પીટિશન ઑફ રાઈટ્સ લખાઈ. ૧૬૭૯માં હેબિયસ કોર્પસ લખાયું. આ ત્રણે દસ્તાવેજો બ્રિટિશ સંવિધાનના મૂળભૂત દસ્તાવેજ તરીકે કામ કરે છે. બ્રિટનમાં જનતા નહીં, સંસદ સાર્વભૌમ છે. તેનું કારણ છે ૧૬૨૮થી ૧૬૨૯ દરમિયાન થયેલી ગ્લોરિયસ રીવોલ્યુશન. તે અંતર્ગત કેથલિક રાજા જેમ્સ દ્વિતિયના શાસનનો અંત આવ્યો. તેમના શાસનનો અંત લાવનારા તેમના જ દીકરી-જમાઈ હતા. તેમણે દીકરી મેરીને હોલેન્ડના રાજા વિલિયમ ઑફ ઓરેન્જ સાથે પરણાવી હતી. આ તખ્તાપલટની વિશેષતા હતી કે તેમાં લોહીનું એક ટીપુંય વહ્યું નહોતું. રાજા જેમ્સની સંસદે તેમાં ખૂબ સહયોગ કર્યો હતો. નવા રાજા વિલિયમ સંસદ પર ખુશ થયા અને તેમના અધિકાર વધારી દીધા. આથી બ્રિટનમાં એકહથ્થુ રાજાશાહી સમાપ્ત થઈ ગઈ .

બ્રિટિશ સંસદના બે સદન છે. નીચલું સદન એટલે હાઉસ ઑફ કોમન્સ અને ઉપલું એટલે હાઉસ ઑફ લોર્ડ્સ. હાઉસ ઑફ કોમન્સમાં ૬૫૦ સભ્યો છે. હાઉસ ઑફ કોમન્સ લોકસભા જેવું છે, પણ હાઉસ ઑફ લોર્ડ્સ રાજ્યસભા જેવું નથી. રાજ્યસભાના સદસ્યો ચૂંટાઈને આવે છે. હાઉસ ઑફ લોર્ડ્સમાં નોમિનેટ થાય છે. ત્યાં બે પ્રકારના સદસ્યો હોય છે. ટેમ્પોરલ લોર્ડ અને સ્પિરિચ્યુઅલ લોર્ડ. યાને કે જાગતિક સદસ્યો અને આધ્યાત્મિક સદસ્યો. ૯૦ લોર્ડ્સ વારસાગત છે. હાઉસ ઑફ લોર્ડ્સ બનવાની પ્રોસેસ જટિલ છે. સંખ્યા પણ બદલાતી રહે છે. અંદાજે ૭૭૦ લોર્ડ્સ હોય છે. તેમને વેતન નથી મળતું. સદનમાં બેસવાનું ૧૫૦થી ૩૦૦ પાઉન્ડનું દૈનિક ભથ્થું મળે છે જે ટેક્સમુક્ત હોય છે. કાયદો બનાવવાની સત્તા માત્ર હાઉસ ઑફ કોમન્સ પાસે રહેલી છે.

પૈસા આપીને એવોર્ડ મેળવવા કે સન્માન મેળવવા એની કોઈ નવાઈ નથી પણ નવાઈ એ વાતની છે કે જગતના કેટલાક પ્રતિષ્ઠિત સન્માનો પર આવા આક્ષેપો થઈ રહ્યા છે અને તપાસ કરવી પડે એવી સ્થિતિ ઉભી થઈ છે. બ્રિટનની જગવિખ્યાત પોલીસ સંસ્થા સ્કોટલેન્ડ યાર્ડ બ્રિટનના જ કુંવર પ્રિન્સ ચાર્લ્સ વિરુધ્ધ તપાસ કરશે. સાઉદી ઉદ્યોગપતિ પ્રિન્સ ચાર્લ્સના ફાઉન્ડેશનમાં દાન આપે તો તેમને નાઈટહૂડનો ખિતાબ (સરની ઉપાધી) અપાશે એવો આક્ષેપ થઈ રહ્યો છે. આ આક્ષેપ ગંભીર છે. માટે હવે તેની તપાસ સ્કોટલેન્ડ યાર્ડ કરશે. આમેય બ્રિટનમાં રાજપરિવાર નામનો છે, કેમ કે તેમના હાથમાં કોઈ સત્તા હોતી નથી. વળી રાજાશાહી ખતમ કરીને રાજ પરિવાર પાછળ થતો ખર્ચ બંધ કરવા માટે બ્રિટનમાં ઝૂંબેશ પણ ચાલે છે. ૭૩ વર્ષના પ્રિન્સ ચાર્લ્સ બ્રિટિશ રાણી એલિઝાબેથના પુત્ર છે. બ્રિટિશ રાજ પરિવારમાં કોઈ વિવાદ થાય ત્યારે જ સામાન્ય રીતે પ્રિન્સની ઓળખ થતી હોય છે. બ્રિટિશ રાજપરિવારના નવા નવા વિવાદો હવે સામે આવી રહ્યા છે. અગાઉ પણ પ્રિન્સ હેરી અને તેમના પત્ની મેઘન મર્કલે પરિવારમાં શ્વેત-અશ્વેતનો ભેદભાવ હોવાનો આક્ષેપ કર્યો હતો. એ પછી હેરી-મર્કલે રાજ પરિવાર જ છોડી દીધો છે.

પ્રિન્સ ચાર્લસે રાજવી પરિવારની ન હોય તેવી ડાયેના સાથે લગ્ન કરેલા ત્યારે રૂઢિચુસ્ત બ્રિટન અને રાજ પરિવારમાં હોહા થઈ ગયેલી. ડાયેના શિક્ષિકા તરીકે નોકરી કરતી હતી. લગ્ન પછી તેને ડયુક ઓફ ડચેસનો દરજ્જો આપવામાં આવેલ હતો.ડાયેના ફેશન આઈકોન હતી. ડાયેનાની સરખામણીએ પ્રિન્સ ચાર્લસ પર્સાનાલિટીના મામલે ઝાંખાં પડતા હતા. બ્રિટનના રાજવી પરિવારમાં ડિવોર્સી સ્ત્રીને પરણી નથી. પ્રિન્સ ચાર્લસ તેની પ્રેમિકા એવી ડિવોર્સી કેમિલ્લ પાર્કરને પરણેલા છે!!

બ્રિટનની રાણી, રાણીના પતિ, પ્રિન્સ ચાર્લ્સ , રાજકુમારી વગેરે વૈભવી બંકિગહામ પેલેસમાં રહે છે. બીજા પણ ઘણા મહેલો સંપતિ છે. પ્રજાના પૈસાથી વૈભવશાળી જીવન જીવે છે.તગડી રકમ આવક તરીકે મળે છે. છેલ્લા વરસોથી શાહી પરિવારની આવક ઘટતી ગઈ છે. લખલૂંટ ખર્ચા વધતા ગયા છે!!છેલ્લા બે વરસમાં શાહી પરિવારની આવકમાં રૂપિયા ૧૩૩ કરોડનો ઘટાડો થયો છે અને શહેનશાહી ખર્ચમાં ૧૭ %વધારો થઈને ૯૭૮ કરોડ રૂપિયા થયો છે. પ્રવાસ અને પાર્ટી આપવામાં ખર્ચ વધ્યો છે.હવે પાર્ટી પર પ્રતિબંધની પાબંદીની લગામ કસવાની આવશ્યકતા છે. છેલ્લા બે વરસથી બંકિમહામ પેલેસમાં રિપેરિંગ થઈ રહ્યું છે.આપણે પ્રવાસે જઈએ તો હદમાં હદ લાખ-દોઢ લાખનો ખર્ચ કરીએ. પાદવાની પહોંચ ન હોય તો તોપખાનામાં નામ ન નોંધાવીએ.કિન્તુ-પરંતુ-અપિતું-પપિતુ શાહી પરિવારે બાર્બાડોસ જેવા થર્ડ કલાસ દેશના પ્રવાસમાં માત્ર ૨૦૫ કરોડ- હા રિપિટ કરૂં છું ૨૦૫ કરોડ રૂપિયા સિગારેટ કે બીડીની માફક ફૂંકી માર્યા કેબેસી-કોના બાપની ક્રિસમસ!!ભારતના સપૂત અને લોખંડી પુરૂષ સરદાર પટેલ સાહેબે પાંચસોથી વધુ રજવાડાનું વિચક્ષણ ચાણકયનીતિથી સામ દાન દંડ ભેદની કુનેહ વાપરી એકત્રીકરણ કરેલ. રજવાડાઓની કેટેગરી ધ્યાને લઈને વાર્ષિક સાલિયાણા ભારત સરકારે મંજૂર કરેલ! દુર્ગાદેવી તરીકે અટલબિહારી બાજુપાઈએ જેને સંબોધ્યા હતા એવા અદ્વિતીય અને એકમેવ ઈંદિરાએ કલમના ઝાટકે સાલિયાણા બંધ કરેલા . બ્રિટનને એક ઈંદિરાની જરૂર છે!!!

ભરત વૈષ્ણવ

## મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન

# નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકાલા, ફ્લોરિડા ખાતે શ્રી ઘનશ્યામ મહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની પરમ ઉલ્લાસભેર ઓપનીંગ સેરેમની તથા નગરયાત્રા યોજાઈ

"શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ" અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર વિશ્વવાત્સલ્યમહોદધિ વર્લ્ડ પીસ એમ્બેસેડર અને પ્રેરણામૂર્તિ આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના દિવ્ય આશીર્વાદથી તેમજ પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં ઓકાલા, ફ્લોરિડામાં શિખરબંધ શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી ઘનશ્યામ મહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણીની શરૂઆત થઈ.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, ઓકાલા - ફ્લોરિડા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર ઓપનીંગ સેરેમની પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીજી મહારાજે પધારેલા મેયર મિ. કેન્ટગુન, શેનીફ હેડ મિ. બીલીવુડ, સ્ટેટ સેનેટર ડેનીસ બેકસલી, જેફગોલ્ડ કાઉન્ટી કમિશ્નર વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યું હતું. તેમજ ઓકાલાના રાજમાર્ગો પર નગરયાત્રા પણ નીકળી હતી.



નૂતન મંદિરનું કુલ પરિસર ૧૨ એકર છે. જેમાં ૨૨,૦૦૦ સ્કે. ફૂટનું બાંધકામ કરવામાં આવેલ છે તેમજ મંદિર શિખરોથી સુશોભિત છે. મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી, ડેપ્યુટી મહંત સદ્ગુરુ શ્રી મુનિભૂષણદાસજી સ્વામી, વિજયભાઈ પટેલ, પુરુષોત્તમદાસ પટેલ, બળદેવભાઈ પટેલ અને રાજુભાઈ પટેલ વગેરેઉપસ્થિત રહ્યા હતા.સદ્ગુરુ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામી મહંત



## જાળું

આડું અવળું,
અવળું સવળું.
ક્યાં ભરાય છે
પ્રેમનું પાવળું?
બધું મળે પણ,
મન રહે આળું.
શું કામ શાકમાં
જાય આખું કોળું?
સારા કર્મ કરો,
મોં ન થાય કાળું!!
સફળ થવા બનાવો,
કરોળિયા જેમ જાળું
ભરત વૈષ્ણવ
૮.૭.૨૦૨૨.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



:NOG SS N0:106
વિષય-દોસ્તી
શીર્ષક-'પ્રેમ 'પ્રેમ 'પ્રેમ'
શબ્દ-૩૫૦
પ્રકાર-ગદ્ય
----------------

જેની વાતની શરૂઆત 'ગાળ'થી થાય.'ગાળ' બોલવામાં "ગળ્યાશ અમૃત"ની હોય!

સાંજે, ટપ્પા-ટોળી!

રાહ જોવાની,

અર્ધી-અર્ધી ચાની મઝા લેવાની' એતો જે આનંદ અનેરો છે.જેણે અનુભવ્યો હોય,તેને ખબર પડે.

મિત્ર સાથે "ગણતરી" શાની?તારું-મારું, નાનું-મોટું,ગરીબ-તવંગર, એવી ગણતરી કરીએ! તો દોસ્તી શા કામની? એતો વેપાર કહેવાય!? નાનપણમાં,કોલેજ સામેની,રેકડીવાળા પાસે,ઊભા રહી,પચ્ચાસ"દાબેલી" જાપટી,બિચારા રેકડીવાળાને,ઉલ્લુ બનાવી,ત્રીસદાબેલીના પૈસા આપતા! એ દાબેલીમાની"એક દાબેલીના પૈસા(એજમાનાનો એક રૂપીયો!).."હજુ,તેં મને નથી આપ્યા!" આવી મસ્તી કરતા આપણે..જો મિત્ર બિમાર થયાના સમાચાર મળે તો...'લાખો' ખર્ચતાં શરમાય નહિ! તે મિત્ર.

વોટ્સેપ પર ફરતાં..થયું, 'વોટ્સેપ', આ'ફેસબુક'એટલે મિત્રોની 'જમાત'.

એક પ્રશ્નનો જવાબ, આપવા માટે હજાર લોકો તૈયાર થઈ જાશે! હું તો વોટ્સેપફેસબુક મિત્રોનો દિલથી આભાર માનું.મને આ મિત્રો દિલથી પ્રેમ કરે, હું પણ વોટ્સેપફેસબુક વગર રહી નથી શક્તિ! આવા'મિત્ર'ના હોત,તો દુનિયામાં દોસ્તીનો સંબધ ના હોત!ઓયે!વોટસેપ મિત્રો,ફેસબુક મિત્રો! ''મિત્ર'' જૂનો નથી થાતો,મિત્ર થકી જિંદગીમાં અજવાળું જ અજવાળું,આનંદ,આનંદ ..તમારા જેવા દિલદાર દોસ્ત હોય,તો કાયમ ઉજાસ '..

'મિત્ર'ક્યાં,કેવીરીતે,કયાં સ્વરૂપે,તમારું'ધ્યાન'રાખતો હોય, કહી ન શકાય! સુદામાના-'તાંદુલ'ની,વાત જગ જાહેર છે! એણે,પોતાની જાત ઉપર 'ગરીબીવહોરી'એનું કારણ પણ'દોસ્તી'જ છે.ઋષિનાઆશ્રમમાં,જંગલમાં લાકડાં લેવા મોકલતાં,'ગુરૂમા'એ આપેલા ફળમાંથી એક ફળ,જે ખાતાં 'ગરીબી' આવશે! (આ વાત સુદમાને જાણ થઈ ગઈ હતી.)એટલે એમણે 'એજ-ફળ' ખાઈ લીધું.જેથી "પ્રિયસખાકૃષ્ણ"ને જાહોજલાલી મળે!! કૃષ્ણ સાથે સુદામા હંમેશાં''શૂન્ય''બનીને જ રહ્યા!

जो हमने दासताँ अपनी सुनाई आप क्यूँ रोये?

દોસ્તીથી 'સિગારેટ'નારવાડે ચઢી જઈએ, એવું નથી,

સિસ્ટર નિવેદિતા/સ્વામીવિવેકાનંદની દોસ્તીનીજેમ'સેવા'માં લાગી જઈએ.!! કેવા મિત્રના રવાડે ચઢો છો? તે બહુજ મહત્વનું છે.સારો મિત્ર તમારી ઢાલ બનીને ઊભો રહેશે! કેટલીકવાર'કેમછો'પૂછવાથી કેટલું બધું સારું લાગે !

દુ:ખી અથવાસુખી-મિત્ર થતો હોય! એનાં સુખ-દુખનો અનુભવ પણ મિત્ર કરતો હોય!

સાચું ઉદાહરણ-મારા દિકરાના બાળપણનું.(આ વાત શિક્ષકે મને સન્માન સહિત ગૌરવભેર કહી).જે આજે,લખીરહી છું.વર્ગમાં,મસ્તી કોઈ બીજા વિદ્યાર્થીએ કરેલી,કોઈ વિદ્યાર્થી કબૂલવા તૈયાર નહોતા!છેવટે,શિક્ષકનું માનસિક દુ:ખ જોયું તથા, મિત્રને "સજા"થી બચાવવા માટે,શ્રેયસે વર્ગમાં ઊભા થઈ કહી દીધું 'ટીચર-'હું હતો'!! પણ શિક્ષક જાણતા હતા.કોઈ પણ સંજોગોમાં "શ્રેયસ્ આવી મસ્તી" ના કરે". दोस्ती के लिए हम कुछ भी करेंगे

મિત્ર ખુશ રહેવો જોઈએ,કોઈ પણ સંજોગોમાં!મિત્ર તમને સામાજિક,માનસિક આર્થિક પડવા નહિ દે.

દોસ્તી વગરની જીંદગી,ખાંડ વગરની ચા જેવી છે.મોજ કરો,હરઘડી, હરપળ આનંદ ,મિત્રનું બીજુંનામ.

મિત્રના મળવાથી, શક્તિ વધે, તમારામાં રોગ પ્રતિકારક શક્તિ વધી જાય, દુનિયાના દુ:ખ-દર્દ ભૂલી જવાય!

દરેક તકલીફની એક જ દવા છે,મનગમતી વ્યક્તિ સાથે વાતો,મનગમતી વ્યક્તિ મિત્ર હોઈ શકે,

"દિલ ખોલકે દેખો,દુનિયા બદલ જાયેગી"

પારકા,પોતાનાથી વધારે પ્રેમ કરી શકે.મિત્રતા એટલે એવી લાગણી,જ્યાં હિસાબનથી,

માત્ર પ્રેમ..એવી લાગણી અવ્યક્ત છે....

ભલે બીજા લોકો ભાડમાં જાય! પણ તમે "ભીડભાડ"માં ના જાશો....

મુક્તિદા ઓઝા..

------------------------------------------------

NOG SS. NO. 0097
વિષય:મિત્રતાનો સંવાદ
પ્રકાર:ગદ્ય
શીર્ષક : ઋણાનુબંધ

વાત છે બે મિત્રોના ઋણાનુબંધની.ફક્ત દસ બંગલાની સોસાયટી. એમાં બધા સરખી ઉંમરના અને નાની નાની ફેક્ટરી માલિકો રહે.સપન દોશીના હાઉસ કવોટરમાં મગનભાઈનો પરિવાર રહે. મગનભાઈ ઓફિસકામ સાથે ડ્રાયવિંગ કરે અને જમનાબેન ઘરકામ કરે. દીકરી સરલા અને દીકરો મહેશ સરકારી નિશાળમાં અભ્યાસ સાથે સપન શેઠના ઘરના દરેક ચીંધ્યા કામ પણ કરે.

શેઠનો દીકરો રોનક અને દીકરી ડોલી ભણવામાં સામાન્ય. ડોલી હોમ સાયનસ પાસ થઈ. રોનક ૧૨ સાયનસ પાસ થયો. ગમે તેટલું ડોનેશન આપીને રોનકને મેડીકલમાં મોકલવાની શેઠની ઈચ્છા.મહેશ ખુબ સારા ટકાથી ૧૨ સાયનસ પાસ થયો. વેકેશનથી શેઠની ફેક્ટરીમાં કામ કરતો હતો. શેઠે મગનને કહી દીધું. મહેશનો પગાર વધારીને કાયમ કરી દઉં છું. ઘરમાં બધા ખુશ થયા. મગને બે વરસ પછી દીકરીને પરણાવવી હતી.મહેશે તો કશું બોલવાનું હતું જ નહીં. રોનક રોજ મહેશ સાથે વેલીબોલ રમતો હતો. એનો જીગરી બની ગયો હતો. બંને વચ્ચે ખુબ વાતો થતી. મહેશના ડોકટર બનવાના સપનાનો સાક્ષી રોનક મહેશની પગાર વધારા સાથેની નોકરીથી વ્યથિત થયો. એને મગનકાકાની પરિસ્થિતિનો ખ્યાલ હતો. ખુબ મનોમંથનને અંતે પિતાને પોતાનો નિર્ણય જણાવ્યો," પપા.માફ કરજો. પણ હું ડોકટર બની શકું એટલો હોંશીયાર નથી.અને મને રસ પણ નથી. હું બીબીએ અને એમબીએ થઈને આપણો ધંધો સંભાળીશ અને વધારીશ. મને એમાં ખુબ રસ છે.

બીજી વાત આપણો મહેશ હોંશીયાર છે. એને ડોકટર બનવું છે. વગર ડોનેશને આપણે ત્યાં એડમીશન મળે એટલા સરસ મારકસ આવ્યા છે.તો આપણે એને જ ડોકટર બનાવીએ તો કેવું?" શેઠને આંચકો લાગ્યો. દુ:ખ પણ થયું.પરંતુ વિચારતા,રોનકની વાત યોગ્ય લાગી અને સહર્ષ સ્વીકારી લીધી. મહેશને અને મગનકાકાને બોલાવીને જણાવી દીધું કે-મહેશ ડોકટર બંને ત્યાં સુધીની બધી નાની મોટી ભણતરની જવાબદારી અમે ઉઠાવીશું.અને દીકરીના લગ્નમાં પણ ખૂટતી મદદ કરીશું.

મહેશ અને મગનકાકાની ખુશીનો પાર ન રહ્યો. બંને શેઠના પગમાં પડયા.અને આશીર્વાદ આપ્યા.

ખરેખર કંઈક ઋણાનુંબંધ હોય તો જ નોકરને કે ડ્રાઈવરને આ રીતે ઉપયોગી થવાનો વિચાર આવે અને તે અમલમાં પણ મૂકાય.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-ઓસટ્રેલિયા

------------------------------------------------

NOG SS NO. 116
વિષય: મિત્રતામાં સંવાદ
વિભાગ: ગદ્ય/લેખ
શબ્દ સંખ્યા: ૨૭૭
શીર્ષક: મિત્રતા - એક અનુભૂતિ

સંવાદ એટલે સમ વાદ , વિચારોમાં સામ્યતા. પછી તે મનુષ્ય અને કુદરત વચ્ચે હોય કે આસપાસનાં વાતાવરણ વચ્ચે.આપણે જે રાષ્ટ્ર, સમાજ, કુટુંબ વચ્ચે રહીએ છીએ, તે દરેક વચ્ચે સંવાદ હોવો જરૂરી છે. ચાલો, આપણે મિત્રતાની વાત કરીએ.

મિત્રતા બે વ્યક્તિ વચ્ચે હોય, કોઈપણ બે જીવ વચ્ચે હોય. સંવાદથી જ જગતની વ્યવસ્થા સુમેળ સાથે ચાલેછે.જો બ્રહ્માંડના તત્વોમાં સુમેળ ન હોય તો, કલ્પના કરો બ્રહ્માંડની શું હાલત થાય? બે મિત્રો, દંપતી કે માતા-પિતાનો પોતાનાં બાળકો કે કુટુંબના દરેક સભ્યો વચ્ચે સંવાદ હોવો જરૂરી છે. બે વ્યક્તિ મિત્ર ત્યારેજ બનેછે, જ્યારે બંનેની પસંદ - નાપસંદ ઘણે ભાગે સરખી હોય, નહિંતર મિત્રતા હોવી અશક્ય છે. તે વિનાનાં બધાં સંબંધ કહેવાય.

મિત્રો સાથે આપણે સુખ - દુ:ખ , અનુભવો કે આપણી અંગત વાત દિલ ખોલીને કરી શકીએ છીએ કારણકે આપણને ખાત્રી છે કે તે આપણી વાત સમજી શકશે અને લાગણીથી સહભાગી થશે. મિત્રતા કરી અને નિભાવવા માટે ઊંડી સમજણ જરૂરી છે. એકબીજાને સમજી,મિત્રતાને આગળ વધારવાની છે. એક વ્યક્તિ ક્યાંક અટકે તો સહયોગ આપી , આત્મબળ વધારી આગળ લાવવાની હોય છે.

મિત્રતામાં ઈર્ષા, નિંદા, દગા કે વાદને સ્થાન હોતું નથી. હોયછે સાચા દિલની લાગણી.આપણને ઈતિહાસમાંથી કે સમાજમાંથી એવાં ઘણાં દાખલા મળશે કે મિત્રતા નિભાવવા ધન ન્યોછાવર કર્યું હોયકે જીવની બાજી પણ લગાવી હોય.મિત્રતા અણમોલ છે. તેમાં એકબીજાં સાથે દિલથી સંવાદ હોય,એક વિશિષ્ટ સંબંધ હોય . જેમકે કૃષ્ણ -સુદામા , દુર્યોધન કે કર્ણ. તેમાં મિત્ર માટે ગમે તે કરી છૂટવાની ભાવના હતી. સુદામાના તાંદુલ ખાઈને ઐશ્વર્ય આપ્યું. દુર્યોધન માટે કર્ણએ અસત્યનો પક્ષ લઈ મૃત્યુ સ્વીકાર્યું. આવાં તો અનેક દાખલાઓ છે.

અંતમાં દરેકે મિત્રતાની કદર કરી, મનુષ્ય, પ્રાણી કે કુદરત સાથે સંવાદ રાખી , જગતની સંવાદિતા ને જાળવી રાખવી જોઈએ.

રીટા આચાર્ય જોષી

------------------------------------------------

NOG SS No : 114
વિભાગ : ગદ્ય
શબ્દ : મિત્રતાનો સંવાદ
શીર્ષક: રંગ તેવો સંગ
શબ્દ સંખ્યા- ૧૮૦

વિકીએ પોતાના પપ્પાને કોરોનામાં ગુમાવ્યા પછી વિકી પોતાના મિત્ર તરુણને પોતાનો જીગરજાન ગણતો હતો. વિકી અને તરુણ બાળપણથી સાથે જ ભણ્યા. ધોરણ ૧૨ પછી સુરત થી બરોડા એમ.બી.બી.એસની ઉચ્ચ ડિગ્રી હાસિલ કરવા બંને ગયા.વિકીની મમ્મી એક સ્કૂલમાં ટીચર હતા. પોતાનો વિકી પોતાનું ભવિષ્ય ઉજવળ કરે એ માટે પોતે સ્કૂલ પછી ટ્યુશનમાં ખૂબ જ મહેનત કરતા અને કરકસર કરી વિકીને પૈસા મોકલાવતા. તરુણ એકદમ સમજદાર છોકરો અને કરકસરથી જીવવા વાળો છોકરો હતો, એટલે ક્યારે વિકી અને તરુણ વધારે પૈસા ખર્ચતા નહીં.તરુણ વિકીને પોતાના નાના ભાઈ જેવો જ ગણતો હતો. તરુણની તબિયત ખરાબ થતા.તરુણ થોડા દિવસ માટે પોતાના ઘરે સુરત ચાલ્યો ગયો. ત્યારે તરુણ વિકીને કહે છે કે તું ભણવામાં મન લગાવીને ધ્યાન આપજે .હું ૧૫ દિવસ પછી સારું થાય એટલે ઘરેથી પાછો આવું છું. બીજા દિવસે સાથે ભણતા મૌલિક સાથે વિકીની દોસ્તી થઈ .મૌલિક ઉડાવ ,ઉધમી , વ્યસનની, ડ્રગ્સ લેતો છોકરો. વિકીને પણ એણે ધીમે ધીમે સિગારેટ ,બીયર પછી ડ્રગ લેતો કરી દીધો. વિકી પણ ભૂલી ગયો કે મારી મમ્મી મને અહીં ભણવા મોકલ્યો છે આવા કામ કરવા માટે નથી મોકલ્યો. ખૂબ જ મજા આવી રહી હતી વિકીને.

ડ્રગ્સ ની એટલી બધી વિકીને લત લાગી ગઈ કે ડ્રગ્સ વગર હવે રહી નથી શકતો. ડ્રગ્સ ખરીદવા માટે એ ચોરી પણ કરવા લાગ્યો. મૌલિકની શિખામણથી રાતો રાત પૈસાદાર થવા માટે ડ્રગ્સની હેરાફેરી પણ કરવા લાગ્યો. આઠ દસ દિવસમાં તો મોટો સપ્લાયર બની ગયો. પોતાના જેવા નાદાન છોકરાઓને ડ્રગ્સ વેચવા લાગ્યો.

પોલીસને બાતમી મળતા. એક દિવસ પોલીસે વીકીના રૂમ પર દરોડો પાડ્યો. વિકીને રંગે હાથે પકડી લીધો. મૌલિક ચોર પેઠે નાસી છૂટીયો. તરુણ ને જાણ થતાં હાફડો ફાફડો થતા વિકીની મમ્મીને સાથે લઈ .તરુણ વિકીને મળવા પોલીસ સ્ટેશનમાં જાય છે.

તરુણ વિકીને કહે છે, મારા થોડા દિવસના ખાલીપામાં તે તારી જિંદગી કેવા રંગથી રંગી નાખી? વિકી ની મમ્મીએ વિકિના ગાલ પર થપ્પડ મારતા કહ્યું ....રંગ તેવો સંગ.

કથીરીયા પ્રવિણા 'પવી' નવસારી.

------------------------------------------------

NOG SS નંબર-0042
વિષય-મિત્રતાનો સંવાદ
પ્રકાર -વાર્તા
શીર્ષક-દેવદૂત
શબ્દ- ૨૯૦

'જય શ્રી કૃષ્ણ,આંટી.કેમ છો? આ લો ...લાયબ્રેરીનું ફોર્મ ભરીને તૈયાર રાખજો. બે દિવસ પછી આપણે સાથે જઈશું અને તમને સભ્યપદ અપાવડાવી દઈશ. પુસ્તક જેવું કોઈ સાથીદાર નથી જે તમારી એકલતાને દુર કરે.' લાગણીસભર અવાજે કુંજલ બોલી.

'તારી, વાત સાચી છે બેટા. હું પણ એ જ વિચારતી હતી હવે હું શું કરું? મયુરના અવસાનને દોઢ મહિનો થઈ ગયો. દીકરો,દીકરી પાછા પરદેશ જતાં રહ્યાં. સગા-સંબંધીઓ એની દુનિયામાં ગોઠવાઈ ગયાં. મયુરને એકલું ન લાગે એ માટે મેં બહારની દુનિયા સાથે ખપ પૂરતો વ્યવહાર રાખ્યો પણ એ આમ અચાનક મને એકલી મૂકીને જતો..× વાક્ય પૂરું થાય એ પહેલાં મયુરીની આંખોમાં આંસુનું ઘોડાપૂર ઉમટી આવ્યું અને કુંજલને ભેંટી પડી.

'અરે,આંટી રડો નહીં હું છું ને?બીજી એક વાત કહું?બાજુની સોસાયટીમાં 'સખીવૃંદ'નામનું સરસ ગ્રુપ ચાલે છે. તેમાં સખીઓ દર મહિને ભેગી થાય. અંતાક્ષરી રમે,તંબોલા રમે,મૂવી જોવા જાય,પિકનિક પર જાય અને ભજન-કીર્તન પણ કરે તેમાં પણ તમને એડ કરાવી દઈશ એટલે તમને કંપની મળી રહેશે.'

'અરે,દીકરી તું તો મારી જિંદગીમાં દેવદૂત બનીને આવી.'

'દેવદૂત નહીં,મિત્ર બનીને! મારે અને કાર્તિકને ઝઘડો થયો ત્યારે તમે મને પડોશી કે વડીલ નહીં એક મિત્ર બનીને મારી જિંદગીની ગાડીમાં પેટ્રોલ પૂર્યું હતું. જેને લીધે આજે મારો સંસાર સુખી છે. હા..ત્યારે આપણી વચ્ચે કદાચ મિત્રતાનો સંવાદ નહોતો પણ હવે હું તમારી જિંદગીમાં મિત્રતાનું ઓશીકું બની જઈશ. જે તમને થાકમાં આરામ આપશે,દુ:ખમાં હળવા કરશે ,ખુશીમાં ભેટી પડશે અને ગુસ્સામાં મુક્કો મારી શકો એવો હક આપશે. ચાલો, હવે હું જાઉં?મારે ઘણું કામ બાકી છે.'એમ કહી મયુરીને વ્હાલ કરતાં કુંજલ ઘરની બહાર નીકળી ગઈ.

તેને જતાં જોઈ મયુરી મનોમન વિચારવા લાગી. 'ભગવાન જ્યાં લોહીના સંબંધ બાંધતા ભૂલી જાય છે ત્યાં લાગણીનાં બંધનો બાંધે છે અને તે મિત્રતાનાં નામે ઓળખાય છે.'

પૂજા(અલકા)કાનાણી.

------------------------------------------------

NOG SS NO. 111
વિષય: મિત્રતામાં સંવાદ
વિભાગ:ગદ્ય/ લેખ
શબ્દ સંખ્યા: ૩૩૫
શીર્ષક: મિત્રતામાં સંવાદિતા

માનવીને દુનિયામાં ટકી રહેવાનું બળ અને હામ પૂરૂં પાડનાર મુખ્ય પરિબળ એટલે મૈત્રી. જે ચોવીસ કલાક સાથે ન હોય છતાં તેની હાજરી અનુભવી શકાય, જે સતત અહેસાસ કરાવે કે તેઓ આપણી સાથે જ છે , તે એટલે મિત્રો. કહેછે ને મિત્ર તો મૌનને પણ સમજી શકે.તો પછી પ્રશ્ન થાય કે મિત્રતામાં સંવાદ રચાય એ જરૂરી છે? જવાબ છે - હા . સંવાદ બે વ્યક્તિઓને જોડી રાખે છે.સંવાદથી સમાજ વ્યવસ્થામાં સુમેળ બની રહે છે. ખરું જોતાં જગતમાં સોદાબાજી વગરનાં સંબંધોનું અસ્તિત્વ એટલે મિત્રતા.બે વ્યક્તિ એકબીજાંને ખામી અને ખૂબી સાથે સ્વીકારી સંબંધની ગરિમા જાળવી રાખે તે જરૂરી છે. સંવાદ સાધી મિત્રો સાથે કોઈ પણ વાત કે પ્રશ્નોની ચર્ચા માનસિક તાણ વગર કરી શકાય તેટલી વિશ્વસનીયતા સંબંધની પાયાની જરૂરિયાત છે. તે દ્વારા જેવાં છીએ તેવાં પેશ આવી શકાય છે. જ્યાં નથી હોતી કોઈ અપેક્ષા, ફરિયાદ, બહાનાં કે જીદ. ટૂંકમાં ખુલ્લા મને હસી શકાય છે.

મિત્રતામાં સંવાદરૂપે લાગણીને ત્રાજવે ન તોળી શકાય. સંવાદમાં નિખાલસતા સાથે પરસ્પરનો અતૂટ વિશ્વાસ અકબંધ હોવો જરૂરી છે. શુભ આશય સાથે કરાયેલાં કોઈપણ કામ અંગે ખુલાસા જરૂરી નથી રહેતાં. સંજોગોવશાત કંઈ ન કરી શક્યાં હોયતો પરસ્પર દોષારોપણ, શાબ્દિક મારામારી - જેનાથી ગેરસમજ ,જે મર્મસ્થાને ઉઝરડાં પાડી ઈજા ન પહોંચે તેવા સંવાદ ટાળવા અત્યંત જરૂરી છે. સોશિયલ મીડિયા નાં સંવાદો એટલે ફક્ત સંદેશાઓ નહીં,વાતચીત દ્વારા પણ સંવાદક્રમ જાળવી રાખવો. સાચી મિત્રતામાં સંવાદ સાધી એકબીજાંની પ્રશંસા સાચા દિલથી થઈ શકે અને કોઈપણ પૂર્વગ્રહ વિના ભૂલ સામે આંગળી પણ ચીંધી શકાયછે. પરિણામે એકબીજાંના સહેવાસમાં દરેક પળ, સુખ- દુ:ખ, હાસ્ય- રુદન જીવનની અંગત મૂડીનો હિસ્સો બની જાય છે.સાચા સાથી-સંગી જીવનની લડાઈ લડી, ટકી રહેવા સાચાં મિત્રો સાથે સંવાદિતાની અનિવાર્યતાની સમજણ થવી જોઈએ કારણકે - સો ટચના સોના જેવી મિત્રતામાં સંવાદની સુગંધ ભળી જાય તો દુનિયા જીવી જવા જેવી લાગે જ ને ! અંતમાં ઈશ પાસે પ્રાર્થનામાં કશું ન માંગતા, એકજ વસ્તુ ની માંગણી કરીશું તે હશે મિત્રતામાં સંવાદિતા. સાથે ' મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.' નો ગુંજારવ અંતરનાદમાં સદૈવ વસી રહે. અસ્તુ. ભાવના આચાર્ય દેસાઈ

'ભાવુ' ૦૯/૦૭/૨૦૨૨

## "નારી તારા ઝુઝવા રૂપ"



નારીના કેટલાય સ્વરૂપો છે. નારી પુત્રી તરીકે જન્મે છે, પછી તેના વિવિધ સ્વરૂપોમાં નારી ભગીની છે, પત્ની છે, માતા છે, નણંદ,ભાભી,માસી,ફોઈ,કાકી,મામી જેવા કંઈ કેટલાય સ્વરૂપો નારીના છે. દરેક સ્વરૂપે નારી પૂજનીય, સન્માનીય છે પણ સમાજમાં નારીનું સ્થાન અમુક ગ્રામ્ય વિસ્તારોમાં કે વધુ પડતા મોર્ડન વિસ્તારોમાં કે પછી ફિલ્મોમાં આપણે જોઈએ છીએ તો નારીને એક સામાન તરીકે અથવા તો મોજશોખના સાધન તરીકે આજે પણ ગણવામાં આવે છે અને એ રીતે એનો ઉપયોગ કરવામાં આવે છે. નારીઓએ તો યુગો પહેલા પણ પુરૂષોને ચેતવવાનું, સન્માર્ગે લાવવાનું કાર્ય કર્યું છે. એનો પૂરાવો આજે પણ આપણે સૌ જાણીએ છીએ. જ્યારે રાવણ કે જે લંકાપતિ કહેવાતો, મોટો રાજા, ઉચ્ચ કોટિનો બ્રાહ્મણ કહેવાતો તે જ્યારે એક વાર વેશ બદલતો હતો અને ભિખારીનો વેશ ધારણ કરતો હતો ત્યારે મંદોદરીએ તેને પૂછ્યું, 'મહારાજ, આ શું છે? આપ રાજા થઈને આ વેશ ધારણ કરશો? લોકો શું કહેશે? મહારાજાધિરાજ આ વેશમાં? પણ, એ તો કહો આ વેશ ધારણ કરવાનું કારણ શું છે? બહુ આગ્રહ બાદ રાવણે મંદોદરીને કહ્યું, 'હું સીતાનું હરણ કરવા જાઉં છું' મંદોદરી હતાશ થઈ ગઈ પણ હિંમત કરીને એણે રાજા રાવણને કહ્યું, "જુઓ રાજન, હજુ તો તમે આ વિચાર માત્ર મનમાં લાવ્યા છો ત્યાં જ તમે રાજામાંથી ભિખારી બન્યા તો વિચાર કરો જ્યારે આ વિચાર અમલમાં મૂકશો ત્યારે તમારી શું દશા થશે? આમ, મહારાણી હોવા છતાં એક પત્નીધર્મ બજાવીને મંદોદરીએ ચેતવ્યા છત્તાં રાવણ ના માન્યા તો રાવણના શું હાલ થયા તે આપણે સૌ જાણીએ છીએ.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, મધર ટેરેસા, ઈંદીરા ગાંધી જેવા કંઈ કેટલાય ઉદાહરણો આપણી સમક્ષ છે. બ્રહ્માકુમારીઝની આખી સંસ્થા છેક સુધી દાદી જાનકીવહન કરી રહ્યા હતાં.(જે આશરે૧૦૩ વર્ષની આયુ સુધી વહન કર્યું) કોઇ એવું ફીલ્ડ નથી કે જેમાં સ્ત્રીઓ ના હોય. પછી તે ફિલ્મ લાઈન હોય કે ઉડ્ડયન લાઈન હોય, કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ જેવી નારીઓ અવકાશ યાત્રા કરી આવી એટલે આમ જુઓ તો સ્ત્રીઓ પુરૂષ સમોવડી જ નહિ ચડિયાતી ગણાય. એક બાજુ જુઓ તો માતાજીઓની સૌથી વધુ પૂજા પુરુષો જ કરતાં હોય છે પછી તે અંબે મા હોય, મા દુર્ગા હોય, મેલડી માતા હોય, વિહત માતા હોય, સરસ્વતી માતા કે લક્ષ્મી માતા હોય કે મહાકાળી માતા હોય કે વૈશ્નોદેવી માતા હોય. માતા સ્વરૂપે નારીની પૂજા મંદિરોમાં કે મૂર્તિ સ્વરૂપે જ થાય છે. ઘરમાં જીવતી પત્ની પર અત્યાચાર કરવાના, દિકરીને માની કૂખ માં જ મારી નાખવાના અને માતાને વૃધ્ધાશ્રમમાં મૂકવાના કે મિલકત ખાતર દગો કરીને કાઢી મૂકવાના કે મારી નાખવાના કિસ્સા અવારનવાર સાંભળવા અને જોવા પણ મળે છે.

આજે પણ અમુક વિસ્તારોમાં દિકરીઓને દૂધપીતી કરવામાં આવે છે તો ક્યાંક સતી પ્રથા હજુ પણ સ્ત્રીઓ પર લાદવામાં આવે છે. માટે જ સરકારે આવા કુરિવાજો બંધ કરવા કડક કાયદાઓ અમલમાં મૂકવા પડ્યા છે. અને તબીબો કે જે દિકરીઓને માની કૂખમાં મારતા હતા તેમાં મોટા ભાગે સુધાર આવ્યો છે,એટલું જ નહિ દિકરીના જન્મ સમયે મફતમાં/વિના ખર્ચે પ્રસુતિ કરાવવામાં આવે છે, ક્યાંક આર્થિક ઈનામ આપવામાં આવે છે, દિકરીના ભણતરમાં સહાય આપવામાં આવે છે, સરકારશ્રીનું આ પગલું ખૂબ સરાહનીય છે.

આજે તો વિશ્વમાં સ્ત્રીઓ ધારાસભ્ય, સંસદ સભ્ય જ નહિ, મંત્રી, મુખ્ય મંત્રી જ નહિ વડાપ્રધાન પદે પણ જોવા મળે છે એટલું જ નહિ જે રમતો માત્ર પુરુષો માટે જ ગણાતી એ તમામ માનસિક અને શારીરિક અને બૌધ્ધિક સ્તરે પહોંચવાનું ગજું સ્ત્રીઓનું નથી એમ માનવામાં આવતું એવી તમામ રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લઈને સ્ત્રીઓ આજે પોલીસના ફીલ્ડમાં કોન્સ્ટેબલથી માંડી ને ઈન્સ્પેક્ટર સુધીના હોદ્દા પર પહોંચીને દેશની રક્ષા કરવા સુધી સ્ત્રીઓ પહોંચી શકી છે એટલું જ નહિ ડ્રાઈવર, કંડક્ટર,પાયલોટ, એર હોસ્ટેસ તરીકે નોકરી મેળવે છે અર્થાત, એક દિવસ એવો હતો કે સ્ત્રીને પગની ધૂળથી પણ બદતર ગણાતી એ સ્ત્રી આજે બસ, જીપ કે રીક્ષા અને વિમાન ચલાવીને પુરુષોને મંઝીલ પર પહોંચવા કાબેલ બની છે તો ક્યાંક આખા દેશની રક્ષા કરવા કાબેલ બની છે. જે સ્ત્રી રસોઈ બનાવમાં, નૃત્ય કે સંગીતમાં આગળ પડતી છે એ જ સ્ત્રી જરૂર પડ્યે લાઠી જ નહિ બંદૂક ચલાવવા જેટલી બાહોશ બની છે. માટે જ કહેવાય છે નારી તું નારાયણી......!

પરંતુ, સિક્કાની બે બાજુ હોય છે તેમ આ બાબતની પણ બે બાજુ છે. આપણે જોઈએ છીએ કે યુવતીઓ પોતે એવો પહેરવેશ પહેરે છે અને પોતાને અતિ આધુનિક દેખાડવા એવું વર્તન રાખે છે જેથી યુવકો તો શું પણ મોટી ઉમરના પુરુષો પણ ખરાબ નજર નાખતાં ખચકાય નહિ. પોતાના વધુ પડતા શોખ અને મહત્વાકાંક્ષાઓને પોષવા તથા મશહૂર થવા ગમે તે હદે જવા અમુક સ્ત્રીઓ તૈયાર થઈ જાય છે ક્યાંક તો વૈશ્યાવૃત્તિની હદ સુધી પહોચી જાય છે. સિનેમાઓમાં કે નાટકો માં ગમે તેવો અભિનય કરવા કે બિભત્સ નાચગાન કરવા કે બિભત્સ દેખાય એવા વસ્ત્રો પહેરતા પણ ખચકાતી નથી. આવામાં પુરુષ સમાજને દોષ દેવો પણ યોગ્ય નથી. શોખ અને મહત્વકાંક્ષા હોવી કે પૂરી કરવી સારી વાત છે પણ ચારિત્ર્યના ભોગે કદાપિ નહિ. મર્યાદામાં રહીને પ્રગતિ કરવી શોભનીય છે. એમાં સ્ત્રી કે યુવતીનું પોતાનું જ નહિ પરિવારનું નામ પણ જોડાયેલું હોય છે અને યશ-અપયશ સ્ત્રીના વાણી વર્તન સાથે જોડાયેલા છે.

સીતા માતાનો કિસ્સો ઉદાહરણરૂપ છે જ ને? ભગવાન રામના પત્ની સીતાને તેમના દિયરે દોરેલી લક્ષ્મણ રેખા પાર કરવાની ભૂલ કરી એનું પરિણામ શું આવ્યું? દ્રૌપદીએ મર્યાદા બહાર જઈને માત્ર એક વાક્ય ઉચ્ચાર્યું એમાં આખું મહાભારત સર્જાયું. આમ, મર્યાદા સ્ત્રીનું પ્રથમ આભુષણ છે. એના વિના સ્ત્રી શોભે જ નહિ, સાથોસાથ નમ્રતા, કરુણા અને સહનશીલતા જેવા આભુષણોથી સ્ત્રીની શોભા વધી જાય છે.

એના માટે સૌથી પ્રથમ પ્રયાસ માતાએ કરવાની જરૂર છે, પ્રથમ તો પોતે મક્કમ હશે તો દિકરીને જન્મ આપવાથી કોઇ એને રોકી નહિ શકે, (આમીર ખાનની ફિલ્મ સિક્રેટ સુપરસ્ટાર આનું ઉદાહરણ છે) બીજું, જન્મ પછી દિકરીને ઉછેરમાં જ સારા સંસ્કારની સાથોસાથ સમાજમાં હિમતભેર જીવવાની તાલીમ આપે જેથી ભૂતકાળ બની ગયેલી ઝાંસીની રાણી, મધર ટેરેસા કે ઈંદીરા ગાંધી જેવા વ્યક્તિત્વ ધરાવતી સ્ત્રીઓ આજે પણ જોવા મળે.

લક્ષ્મી મુરલીધર વાધવાણી- ગાંધીનગર

# અંબાજી તીર્થ : પરિક્રમા પથ પર શ્રદ્ધાળુઓની સંખ્યામાં ૨૨૫ ટકાનો વધારો, મંદિર કોમ્પ્લેક્સ નિર્માણની તૈયારીઓ શરૂ


**મંદિરની આસપાસના કોમ્પ્લેક્સને વિકસિત કરવામા આવશે, આગામી બજેટમાં સરકાર ફંડ ફાળવશે પરિક્રમા પથ અને લાઇટ એન્ડ સાઉન્ડ શોના લીધે પ્રવાસીઓની સંખ્યા વધી, સ્થાનિક રોજગારીમાં વધારો**

**પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતા સ્થાનિકો ખુશખુશાલ**

અંબાજી મંદિરમાં ૩ કિ.મીના પરિક્રમા પથ અને લાઈટ એન્ડ સાઉનડ શો ને જોવા માટે શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના જણાવ્યા અનુસાર મંદિરમાં હવે દૈનિક એવરેજ ૪૫૦ થી ૫૦૦ લોકોની થઈ છે જે સંખ્યા શનિ અને રવિવારના દિવસે ૬૦૦ થી ૭૦૦ સુધી પહોંચે છે. પરિક્રમા પથમાં મૂળ ૫૦ શક્તિપીઠની પ્રતિકૃતિને આધારિત મંદિરો બનાવવામા આવ્યા છે. તે સિવાય લાઈટ એન્ડ સાઉન્ડ શો અત્યારે શ્રદ્ધાળુઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. પ્રવાસીઓની સંખ્યા વધવાથી સ્થાનિક સ્તરે રોજગારીમાં પણ વધારો થયો છે.

**૬૧૪૬ ચોરસ મીટર જેટલા વિસ્તારમાં મંદિરની આસપાસનો કોમ્પ્લેક્સ વિકસિત કરાશે**

અંબાજી યાત્રાધામના વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. પરિક્રમા મહોત્સવમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતના આકર્ષણો ખુલ્લા મુક્યા બાદ આગામી દિવસોમાં અંબાજી મંદિર કોમ્પ્લેક્સ નિર્માણ કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે. તેમાં મંદિરની આસપાસના ૬૧૪૬ ચોરસ મીટર જેટલા વિસ્તારમાં વિકાસકાર્ય શરૂ કરવામાં આવશે. તેના માટે મંજૂરી આપી દેવાઈ છે અને અત્યારે સંપાદનની કામગીરી શરૂ છે. જાણીતા આર્કિટેક્ટ બિમલ પટેલ અત્યારે તે કોમ્પ્લેક્સની ડિઝાઈનની કામગીરી કરી રહ્યા છે. અંબાજી મંદિર પરિસરથી ૭૫ મીટર વિસ્તારમાં વિકાસકાર્ય કરવા હેતુ તેમજ નવીન બિલ્ડિંગ માટેના સંયુક્ત અંદાજિત ૬૨ કરોડના ખર્ચ માટે સરકાર દ્વારા આગામી બજેટમાં નાણાકીય જોગવાઈ કરવામા આવશે.



૯ જુલાઈ, ગાંધીનગર: ૮ એપ્રિલ ૨૦૨૨ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અંબાજી તીર્થધામ ક્ષેત્રે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ તેમજ લાઈટ એન્ડ સાઉન્ડ શોનો શુભારંભ કરાવ્યો હતો. આધ્યાત્મિક દ્રષ્ટિએ આ સ્થાનક ભાવિકોમાં અત્યંત અનેરૂ મહત્વ ધરાવે છે અને આ પરિક્રમા મહોત્સવના લીધે શ્રદ્ધાળુઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. મહોત્સવ બાદ પરિક્રમા પથ પર આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યામાં ૨૨૫ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે.માર્ચ અને અપ્રિલ ૨૦૨૨ મહિનાના એવરેજને ધ્યાનમાં લેતા આ તફાવત જોવા મળે છે. પરિક્રમા મહોત્સવ પહેલા ગબ્બર મંદિર પર ૩૩૫૦ જેટલા શ્રદ્ધાળુઓ આવતા હતા. જે સંખ્યા વધીને ૪૪૫૦ થઈ ગઈ છે જે ૩૩ ટકાનો વધારો દર્શાવે છે. તેવી જ રીતે પરિક્રમા પથ પર ૧૦૦ જેટલા શ્રદ્ધાળુઓ આવતા હતા જે સંખ્યા વધીને ૨૨૫૦ સુધી પહોંચી છે, જે ૨૨.૫ ગણો વધારો છે. અંબાજી મંદિરના દર્શનાર્થે આવતા ભાવિકોની સંખ્યામાં પણ ૧૪ ટકાનો વધારો જોવા મળ્યો છે.

# ભાદર નહેર વિતરણ ના ૨૩ કામદારોને લાભો આપવાના આદેશ થી પરિવારજનોમાં આનંદ લહેર

લુણાવાડા,

ભાદર નહેર વિતરણ ના ૨૩ કામદારોને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છૂટા કરી દેતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા મજુર અદાલત ગોધરાના હુકમમાં ફેરફાર કરી કામદારોને પુનઃ નોકરીમાં હાજર કરવા તથા સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ના પરિપત્ર મુજબના લાભો આપવાનો આખરી આદેશ થી પરિવારજનોમાં આનંદ લહેર ભાદર નહેર વિતરણ લુણાવાડા વિભાગમાં કોલવણ તથા તેની આજુબાજુના ગામડાઓમાં રહેતા ગરીબ અને આદિવાસી કામદાર ભાઈઓ વર્ષોથી ભાદર નહેર વિતરણ લુણાવાડા વિભાગમાં રોજમદાર તરીકેની ફરજમાં હાજર થયા હતા લાંબા સમયની નોકરી હોવા છતાં સરકાર શ્રી એ સિનિયોરિટી નું ધ્યાન દોર્યા સિવાય જે તે સમયના લાગતા વળગતા અધિકારીઓ એ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય તેમની કાયમી પ્રકારની નોકરીમાંથી આઈડી એક્ટ ની

કલમ ૨૫એચ અને૨૫એફ નો ભંગ કરી ૨૩ કામદારોને નોકરીમાંથી છૂટા કરી દેતા આ કામના અરજદારો એ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ શ્રી એ એસભોઈ સંપર્ક કરી તેમને થયેલા અન્યાય બાબતે નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ પડેલા દિવસોના પુરા પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત થવાનો કેસ દાખલ કરેલ જે કેસ ચાલી જતા મજૂર અદાલત ગોધરા દ્વારા ૨૩ કામદારોને તેમની નોકરી તેમજ પડેલા દિવસોના પગાર પેટે ઉચ્ચક રૂપિયા ૮૫ હજાર આપવાનો આદેશ કરવામાં આવતા જે આદેશની નારાજ થઈ અરજદાર માના પના રામા સુખા પ્રતાપ કાળુ અજમેલ ભુરા ભાથી ગમા છત્રા કાળુ સોમા નવા સોમા ભવન રમેશ રણછોડ સુરમલ સના રણછોડ રત્ના કોદરભુરા પુના સરદાર મગન ભુરા શંકર દેતા રામા અભુ લાલા સના ભૂરા કાળુ સોમા ગમા મગન લક્ષ્મણ વજા સોમા બાબુભાથી વગેરે એ ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટસમક્ષ વ્યક્તિગત એસસીએ દાખલ કરે જે ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૧૩/૬/૨૨ ના રોજ પંચમહાલ જિલ્લાની ગોધરા ખાતેની

મજૂર અદાલત ના હુકમમાં ફેરફાર (મોડીફાઈ) કરી ૨૩ કામદારોને સળંગ નોકરી ગણિ તેઓને સરકાર શ્રી ના પરિપત્રના તારીખ ૧૭/૧૦/૮૮ ના લાભો આપવાનો આદેશ કરતા ગરીબ કામદારોના પરિવારમાં આનંદ ઉભરાયો તેમજ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના હોદ્દેદારોને આમ શ્રમયોગીઓ પરિવારો એ અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરેલ

પ્રમુખશ્રી ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન એ એસ ભોઈ કાલોલ પંચ

# ચાણસ્મા ડેપો બહાર ખાડા પડ્યા ને છ માસ થયા છતાં પણ પાલિકાના પેટ નુ પાણી હાલતુ નથી

**ચાણસ્મા ડેપો દ્વારા પણ બેથી ત્રણ વખત ચાણસ્મા નગર પાલિકાને લેખિત રજૂઆત કરાઇ**



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

છેલ્લા છ માસથી ઉંડા ખાડા પડી ગયા છે અને જેના કારણે બસ ડેપોમાંથી બહાર નીકળતી બસો ખાડામાં પટકાય છે જેના કારણે ડ્રાઈવરને હેરાનગતિનો ભોગ બનવું પડે છે. ચાણસ્મા એસટી ડેપોની અંદરના ભાગે ડેપોની બહાર છેલ્લા છ માસથી ખાડા પડી ગયા છે ચાણસ્મા ડેપો કચ્છમાં સૌરાષ્ટ્રમાં મધ્યગુજરાત અમદાવાદ જવા માટે નું મહત્ત્વનું પ્રવેશદ્વાર છે. અને આ ડેપોમાં રોજની બસ્સોથી વધારે બસોની આવન જાવન રહે છે.ચાણસ્મા ડેપો મેનેજર દ્વારા પણ નગરપાલિકાને ડેપો બહાર પડેલા ખાડાઓનું પુરાણ કરવા માટે લેખિત રજુઆતો બેથી ત્રણવાર કરાઈ છે છતાં પણ પરિણામ શૂન્ય આવ્યું છે. ચાણસ્મા નગરપાલિકાના પ્રમુખ જણાવ્યું હતું કે તાજેતરમાં જ ચાણસ્મા શહેરમાં ઠેર ઠેર પડેલા ખાડાઓનું પુરાણ કરાયું છે તો પછી ચાણસ્મા ડેપો બહાર પડેલા છેલ્લા છ માસથી આ ખાડાઓ નગરપાલીકાના નહીં દેખાયો હોય કે શુ તેવો વેધક પ્રશ્ન વાહનચાલકો કરી રહ્યા છે. ચાણસ્મા ડેપો મેનેજર રીટાબેન પ્રજાપતિએ જણાવ્યું હતું કે ચાણસ્મા ડેપો ના પ્રવેશવાના દરવાજા બહાર મોટા ખાડા પડ્યા છે જેનું પુરાણ કરવા નગરપાલિકામાં લેખિત રજુઆતો કરાઈ છે. નગરપાલિકાને લેખિત જાણ કરાઈ છે પરંતુ આજ સુધી પાલીકા દ્વારા ખાડા પુરાણ કરવાની કોઈ જ કામગીરી કરાઈ ન હોવાનું જણાવ્યું હતું.

# પાલનપુરની યુવતીના નામથી ફેક આઈડી બનાવનાર સામે ફરીયાદ

**પરણિત યુવતી ના નામ થી ફેક આઇ.ડી બનાવી તેની સહેલીઓ ને હેરાન કરતા ભાંડો ફુટ્યો**

બનાસકાંઠા સમાચાર

પાલનપુરની એક યુવતીનું ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી તેની સહેલીઓ સાથે ચેટ કરનાર શખ્સ સામે યુવતીના પિતાએ ફરિયાદ નોંધાવી છે. પાલનપુરની યુવતી મુંબઈ પરણાવેલી છે. જે યુવતી પોતાના પિયર પાલનપુર આવી હતી.

જ્યાં તેને તેની સહેલીઓ મળી હતી જેઓએ તેણીને કહ્યું હતું કે, ઈન્સ્ટાગ્રામ ઉપર તું કેમ આવી વાહિયાત ચેટ કરે છે. આથી યુવતીએ તપાસ કરાવતા પોતાના નામનું ફેક આઈડી હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે તેણીએ તેના પિતાને વાત કરતા તેમણે તપાસ કરાવી હતી. જેમાં પાલનપુર નગરચીવાસમાં રહેતો મહંમદવસીમ મહંમદહનીફ પઠાણ ફેક આઈડી બનાવી તેની સહેલીઓની સાથે ચેટ કરી હેરાન કરતો હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે તેમણે બનાસકાંઠા સાઈબર કાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહમદ વસીમ પઠાણની સામે ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.


# પાલનપુરની યુવતીના નામથી ફેક આઈડી બનાવનાર સામે ફરીયાદ

**પરણિત યુવતી ના નામ થી ફેક આઇ.ડી બનાવી તેની સહેલીઓ ને હેરાન કરતા ભાંડો ફુટ્યો**

બનાસકાંઠા સમાચાર

પાલનપુરની એક યુવતીનું ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી તેની સહેલીઓ સાથે ચેટ કરનાર શખ્સ સામે યુવતીના પિતાએ ફરિયાદ નોંધાવી છે. પાલનપુરની યુવતી મુંબઈ પરણાવેલી છે. જે યુવતી પોતાના પિયર પાલનપુર આવી હતી. જ્યાં તેને તેની સહેલીઓ મળી હતી જેઓએ તેણીને કહ્યું હતું કે, ઈન્સ્ટાગ્રામ ઉપર તું કેમ આવી વાહિયાત ચેટ કરે છે. આથી યુવતીએ તપાસ કરાવતા પોતાના નામનું ફેક આઈડી હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે તેણીએ તેના પિતાને વાત કરતા તેમણે તપાસ કરાવી હતી. જેમાં પાલનપુર નગરચીવાસમાં રહેતો મહંમદવસીમ મહંમદહનીફ પઠાણ ફેક આઈડી બનાવી તેની સહેલીઓની સાથે ચેટ કરી હેરાન કરતો હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે તેમણે બનાસકાંઠા સાઈબર કાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહમદ વસીમ પઠાણની સામે ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.


# ડાંગમા વરસાદનુ જોર ઘટ્યુ : દસ કલાકમા નોંધાયો સરેરાશ ૪૮ મી.મી. વરસાદ

**વરસાદી પાણીથી અસરગ્રસ્ત થયેલા ડાંગ જિલ્લાના દસ પૈકી નવ માર્ગો યાતયાત માટે પુનઃ ખુલ્લા થયા**




ન્યુઝ અપડેટ્સ, ચોમાસુ-૨૦૨૨, જિલ્લો ડાંગ

આહવા: તા: ૯: આજે સવારે ૮ વાગ્યાની સ્થિતિએ ડાંગ જિલ્લામા ગત રાત્રીએ નોંધાયેલા મુશળધાર વરસાદને પગલે, જિલ્લા પંચાયત હસ્તકના દસ માર્ગો ઉપર પાણી ફરી વળતા, યાતાયાત માટે બન્ધ કરાયા હતા. જે પૈકી બપોરે બે વાગ્યાની સ્થિતિએ વરસાદનુ જોર ધીમુ પડતા, અને રોડ કોઝ વે ઉપરથી પાણી ઓસરી જતા નવ જેટલા માર્ગો ફરીથી યાતાયાત માટે ખુલ્લા થવા પામ્યા છે.

જિલ્લાના જે માર્ગો સવારે અસરગ્રસ્ત થયા હતા, જે પૈકી એક માત્ર નાનાપાડા-કુમારબંધ-બોરદહાડ રોડને બાદ કરતા બાકીના તમામ માર્ગો, કોઝ વે પુનઃ ખુલ્લા થતા અહીં જનજીવન ફરી રાબેતા મુજબ ધબકતુ થયુ છે.

ડુંગરાળ અને ખડકાળ વિસ્તારમા આવેલા ડાંગ જિલ્લામા ભારે વરસાદને કારણે ઠેર ઠેર ઘાટ માર્ગમા ભેખડો સાથે કાળમીંઢ શિલાઓ, વૃક્ષો, માટી, તથા મલબો રોડ ઉપર ધસી પડ્યો હતો. જેને સતત એલર્ટ રહેલા તંત્રે ગણતરીના કલાકોમા દૂર કરી, માર્ગો ખુલ્લા કર્યા હતા. ઠેર ઠેર સિક્યોરિટી ગાર્ડ તૈનાત કરીને આવાગમન સુનિશ્ચિત કરાયો હતો.

અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આજે સવારે છ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી પુરા થતા દસ કલાક દરમિયાન, ડાંગ જિલ્લામા સરેરાશ ૪૮ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો છે.

જિલ્લા ફલડ કંટ્રોલ કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, પાછલા દસ કલાકમા આહવા તાલુકામા ૪૮ મી.મી., વઘઈનો ૬૫ મી.મી., સુબિર તાલુકાનો ૪૭ મી.મી., અને સાપુતારા પંથકનો ૩૨ મી.મી. વરસાદ નોંધાતા, અહીં સરેરાશ ૪૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# પાલનપુર ના માનસરોવર તળામાં અગમ્ય કારણોસર યુવકે આપઘાત કરતાં ચકચાર

**મૃતક યુવક ના મોત ના સમાચાર મળતાં પરિવાર માં માતમ છવાયો**

બનાસકાંઠા સમાચાર

બનાસકાંઠા જીલ્લા માં આત્મહત્યા ના બનાવોમાં નોંધપાત્ર વધારો થતો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે પાલનપુર ના માનસરોવર તળામાં વધુ એક મુસ્લિમ સમાજ ના યુવકે મોત ને વ્હાલુ કરતાં સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત માહીતી અનુસાર પાલનપુર ના નાની બજાર (ડાયરા) માં રહેતા અને મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવતા આરીફખાન રજબખાન સિંધી ઉ.વ. ૨૮ એ છેલ્લા ત્રણ દીવસ થી ઘરે થી કહ્યા વગર ચાલ્યા ગયા હતા. જેને લઈ પરિવારજનો શોધખોળ કરી રહ્યા હતા. ત્યારે ગઈ કાલ મોડી સાંજે અગમ્ય કરણોસર પાલનપુર માનસરોવર માં ઝંપલાવી મોત ને વ્હાલુ કરી લેતા સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી છે. આ ઘટના ના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે આ યુવકે તળાવમાં પડી આત્મહત્યા કરી લેતાં તેના બાર વર્ષ ના પુત્રને પિતાની છત્રછાયા ગુમાવવાનો વારો આવ્યો હતો. આ ઘટનાની જાણ પાલનપુર પોલીસ ને કરાતા પોલીસ ની ટીમ ઘટના સ્થળે દોડી આવી મ્રુતક ની લાસ ને પાલનપુર સિવિલ માં પી.એમ. અર્થે ખસેડી બધુ તપાસ હાથ ધરી છે.

# લણવા ખાતે આવેલ પાણીની ટાંકી જર્જરીત હાલતમાં ગ્રામજનો માંથે લટકતું મોત



પાટણ,

પાટણ જિલ્લાના ચાણસ્માના લણવા ખાતે આવેલ પાણીની ટાંકી જર્જરિત હાલતમાં હોવાથી ગ્રામજનો માટે લટકતું મોત હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે ત્યારે સ્થાનિક તંત્ર તેમજ અન્ય વહીવટી તંત્ર ઊંઘતું હોય તેવું જણાઈ રહ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગતો મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના લણવા ગામે પાણીની જર્જરીત ટાંકી આવેલી હોય ગ્રામજનો પણ આ ટાંકી નીચેથી પસાર થતા હોય છે ત્યારે જાણે ઉપરથી યમરાજા નીચે જોઈ રહ્યા હોય તેવું દેખાઈ રહ્યું છે

ત્યારે કોઈ પણ નૂ આ યમરાજા ભરખી જાય તો નવાઈ નહીં તેમ છતાં પણ સ્થાનિક તંત્ર સહીત વહીવટી તંત્ર આ પાણીની ટાંકી ઉતારી નવીન પાણી ની ટાંકી બનાવવામાં આવે ત્યારે સત્વરે ગ્રામજનોની એક જ માર્ગ છે કે નવીન પાણીની ટાંકી બનાવી આ પાણીની ટાંકી ઉતારી ગ્રામજનોને યમરાજાના મુખમાંથી બચાવી લે.

# બનાસકાંઠાની માનસિક અસ્થિર દુષ્કર્મ પીડીતા સંતાનને જન્મ આપશે : જીલ્લા કલેક્ટર અને બનાસ હોસ્પિટલ સગીરાની સાર સંભાળ રાખશે

બનાસકાંઠા સમાચાર

ગુજરાતમાં બનાસકાંઠાના ડીસામાં ૧૫ વર્ષની માનસિક અસ્થિર અને બોલી ન શકતી સગીરાને અજાણ્યા નરાધમે દુષ્કર્મ આચરી બનાવી ગર્ભવતી બનાવી હતી. આ ઘટનામાં સગીરાની માતાએ દીકરીનો ગર્ભપાત કરાવવા માટે હાઈકોર્ટની મંજૂરી માંગી હતી. માતાની અરજીને માન્ય રાખીને હાઈકોર્ટે માનવીય અભિગમ દાખવ્યો છે.

કોર્ટે જીલ્લા કલેક્ટર અને બનાસ હોસ્પિટલને સગીરાની કાળજી માટે મહત્વપૂર્ણ નિર્દેશ જારી કર્યા છે. હવે ૧૫ વર્ષની પીડીતાના સંતાનને સંસાર જોવા મળશે.

આ અંગેની વિગત એવી છે કે, મૂળ રાજસ્થાનની રહેવાસી અને હાલમાં છેલ્લા ઘણા વર્ષોથી બનાસકાંઠા રહે છે. આ મહીલા બનાસકાંઠા અને સાબરકાંઠા જીલ્લામાં છૂટક મજૂરી કરીને તેનું જીવન પસાર કરી રહી છે.

આ મહીલાનો પતિ મુત્યુ પામેલ છે અને આ વિધવા મહીલાને એક ૧૫ વર્ષની માનસિક અસ્થિર અને બોલી ન શકતી દીકરી છે. આ મહીલા છૂટક મજૂરી માટે અલગ-અલગ જગ્યાએ કામ માટે જતી હતી. ત્યારે તેની આ દીકરી ૨ વખત ગુમ થઈ ગઈ હતી. થોડા દિવસ બાદ પાછી પણ આવી ગઈ હતી. જો કે, આ સગીરા માનસિક રીતે અસ્થિર અને બોલી ન શકતી હોવાને કારણે તેની સાથે શું થયું હતું તે કોઈને જણાવી શકી ન હતી.

થોડા દિવસો બાદ તેના શરીરમાં ફેરફાર દેખાતાં તેની માતાએ તેની સરકારી હોસ્પિટલમાં તપાસ કરાવી હતી. આ દરમિયાન તબીબની વાત સાંભળીને તેની માતા ચોંકી ગઈ હતી.

તપાસમાં આ માનસિક અસ્થિર સગીરાને ૭ મહીના એટલે કે ૩૦ સપ્તાહનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું. સગીરા ગર્ભવતી હોવાનું સામે આવતાં તેની માતા દ્વારા બનાસકાંઠાના ડીસામાં પોક્સો હેઠળ પોલીસ ફરિયાદ દાખલ કરાઈ હતી.જેમાં સગીરાની માતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, 'તેની દીકરી માનસિક અસ્થિર અને બોલી ન શકતી હોવાને કારણે નરાધમે તેનો ફાયદો ઉઠાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું છે અને તેના કારણે જ તેની ૧૫ વર્ષની દીકરી ગર્ભવતી બની છે.આ ઘટના બાદ પોલીસ દ્વારા આ સગીરાને સખી વન સ્ટોપ સેન્ટરમાં રાખવામાં આવી હતી. ત્યારબાદ બનાસકાંઠાના અગ્રણી વકીલ મનોજ ઉપાધ્યાયનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

પીડીતા માનસિક રીતે અસ્થિર હોવાથી જો બાળકનો જન્મ થાય તો તેની સંભાળ રાખવા માટે સક્ષમ ન હોવાથી તેનો નિકાલ કરવા માટે વકીલ મનોજ ઉપાધ્યાયની મદદથી હાઈકોર્ટમાં ગર્ભપાત માટે અરજી દાખલ કરાઈ હતી. જેને લઈને ગુજરાત હાઈકોર્ટે પણ માનવીય અભિગમ દાખવીને બનાસકાંઠા જીલ્લા કલેકટર, મેજીસ્ટ્રેટ અને બનાસ હોસ્પિટલને જ્યાં સુધી ડીલીવરી ન થાય ત્યાં સુધી સગીરાની વિશેષ દેખરેખ અને કાળજી રાખવા સંદર્ભે કેટલાંક મહત્વપૂર્ણ નિર્દેશ જારી કર્યાં છે.

# સમી તાલુકાના ગુજરવાડા ખાતે વંદે ગુજરાત યાત્રા કલેક્ટરશ્રી સુપ્રિતસિહ ગુલાટી તેમજ ડીડીઓ ડી.એમ.સોલકીની અધ્યક્ષસ્થામા રાત્રીસભા યોજાઈ



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લા ના સમી તાલુકાના ગુજરવાડા ખાતે વંદે ગુજરાત યાત્રા માન.કલેકટર શ્રી સુપ્રિતસિહ ગુલાટી અને માન.ડી.ડી.ઓ. ડી.એમ.સોલકીની અધ્યક્ષતામા રાત્રિસભા કરવામાં આવી હતી તેમા વિવિધ વિભાગો દ્વારા કારવામા આવતી કામગીરીઓનુ સંબંધિત અધિકારીઓ દ્વારા ચર્ચા અને ગામલોકો દ્વારા રજુ થયેલા પ્રશ્નોનુ નિરાકરણ અંગે જરુરી માર્ગદર્શન.આપવામા આવ્યું હતું

આ પ્રસંગે ઉપસ્થિત નાયબ ડીડીઓ શ્રી પલ્લવીબેન બારૈયા પુરવઠા અધિકારી પારગી, આયોજન અધિકારી,ટીડીઓ, મામલતદાર,પશુપાલન અધિકારી, તાલુકા શિક્ષણ અધિકારીશ્રી પ્રજાપતિ ઈટીસી અને દરેક વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ ગામના સરપંચ, તલાટી કમમંત્રી, વીસી તેમજ આંગણવાડી કાર્યકર બહેનો અને ગામના યુવાનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગણેશજીની મૂર્તિની ઊંચાઇ પરના નિયંત્રણો દૂર કરવા નિર્ણય લેવાયા

ગાંધીનગર,તા.૯

કોરોના મહામારીમાં બે વર્ષ બાદ રાજ્યમાં તહેવારો ધામધૂમથી ઉજવાઈ રહ્યા છે. રાજ્યના સીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. આગામી ગણેશોત્સવ દરમ્યાન સ્થાપન કરવામાં આવનારી ગણેશજીની મૂર્તિની ઊંચાઇ પરના નિયંત્રણો દૂર કરવા નિર્ણય લેવાયો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.